વર્ષઃ 7 અંકઃ 08

ન્યૂ ઈન્ડિયા સમાચાર

16-31 ઓક્ટોબર, 2026 (નિઃશુલ્ક)

અમને @NISPIBIndia પર ફોલો કરો









‘એક ભારત’ની તાકાત

રાષ્ટ્રીય એકતા દિવસ વિશેષ

‘શ્રેષ્ઠ ભારત’નો સંકલ્પ



સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતીની ઉજવણીનું આ છેલ્લું વર્ષ ચાલી રહ્યું છે, ત્યારે ‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’ની ભાવના માત્ર સાંસ્કૃતિક સંબંધો જોડવા પૂરતી સીમિત નથી રહી, પણ હવે એ ભારતની નીતિઓ અને વિચારધારાનો મહત્ત્વનો હિસ્સો બની ગઈ છે. છેલ્લાં 11 વર્ષોમાં, એકબીજા સાથે જોડાયેલી વ્યવસ્થાઓએ લોકોનું જીવન સરળ બનાવ્યું છે, નાગરિકોને સક્ષમ કર્યા છે અને એક અખંડ ભારતીય ઓળખને વધુ મજબૂત કરી છે.



આતંકવાદ સામે ભારતની ‘ઝીરો-ટોલરન્સ’ નીતિ

‘મન કી બાત’ કાર્યક્રમ માત્ર દેશવાસીઓના સકારાત્મક પ્રયાસોને લોકો સમક્ષ લાવવાનું જ કામ નથી કરતો, પણ દેશની સિદ્ધિઓને પણ ઉજાગર કરે છે. જ્યારે આ મંચ પરથી આવી સિદ્ધિઓની ચર્ચા થાય છે, ત્યારે દેશભરના લોકોને તેમાંથી પ્રેરણા મળે છે. 27 સપ્ટેમ્બરના રોજ પ્રસારિત થયેલા ‘મન કી બાત’ના 138મા એપિસોડમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સર્જિકલ સ્ટ્રાઈક, ડિજિટલ વસ્તી ગણતરી (ડિજિટલ સેન્સસ), ભારતીય સંસ્કૃતિ, પ્રાચીન મંદિરો, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ, નશામુક્તિ અભિયાન, રમતગમત, ODOP (વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ) અને પોષણ જેવા મહત્વના વિષયો પર વાત કરી હતી. અહીં પ્રસ્તુત છે એ કાર્યક્રમના સંપાદિત અંશો...

- **સર્જિકલ સ્ટ્રાઈક:** દસ વર્ષ પહેલાં, 28-29 સપ્ટેમ્બર 2016ના રોજ ભારતીય સેનાએ પાકિસ્તાનમાં આવેલા આતંકવાદી અડ્ડાઓ પર સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી. જે રીતે આપણા બહાદુર જવાનોએ લાઈન ઓફ કંટ્રોલ (એલઓસી) પાર કરીને આતંકવાદ સામે કાર્યવાહી કરી, તે જોઈને આખી દુનિયા દંગ રહી ગઈ હતી.
- **જડબાતોડ જવાબ:** છેલ્લા એક દાયકામાં-બાલાકોટ એરસ્ટ્રાઈકથી લઈને ‘ઓપરેશન સિંદૂર’ સુધી-ભારતે વારંવાર એક સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જો આતંકવાદીઓ ભારત સામે કોઈ પણ દુસાહસ કરશે, તો તેમને એવો જ જડબાતોડ જવાબ મળશે.
- **‘ઝીરો-ટોલરન્સ’ નીતિ:** આજનું ભારત આતંકવાદ સામે ‘ઝીરો-ટોલરન્સ’ની નીતિ અપનાવી રહ્યું છે, અને આ અભિગમના પરિણામો આજે આપણે સૌ જોઈ રહ્યા છીએ.
- **રામ જન્મભૂમિ આંદોલન:** વિશ્વ હિન્દુ પરિષદના ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ આદરણીય સ્વર્ગસ્થ અશોક સિંઘલજીએ રામ જન્મભૂમિ આંદોલનને જે દિશા અને ઊર્જા આપી, તેના જ પરિણામે આજે આપણે અયોધ્યામાં આ ભવ્ય મંદિર જોઈ રહ્યા છીએ.
- **પહેલું સોલાર ગામ:** મોઢેરા હવે માત્ર તેના સૂર્ય મંદિર માટે જ નથી ઓળખાતું, ગુજરાતનું આ ગામ હવે દેશનું પહેલું સોલાર વિલેજ બની ગયું છે. આજે મોઢેરા સંપૂર્ણપણે સૌર ઊર્જાથી ચાલે છે, જે સમગ્ર દેશ માટે સાતત્યપૂર્ણ વિકાસનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.
- **નવી શક્યતાઓ:** ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં આમળાં નવી તકોનું માધ્યમ બની રહ્યાં છે. ‘વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડક્ટ’ યોજના હેઠળ આમળાં સાથે જોડાયેલા સ્થાનિક ઉદ્યોગોને મોટો વેગ મળ્યો છે. આજે પ્રતાપગઢમાં આમળાં પ્રોસેસિંગના લગભગ 100 જેટલા યુનિટ કાર્યરત છે.
- **પૌષ્ટિક સરગવો:** છત્તીસગઢમાં ‘હર ઘર મુનગા-ઘર-ઘર મુનગા’ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આના દ્વારા લોકોને તેમના આહારમાં પૌષ્ટિક મુનગા-એટલે કે સરગવાને-સામેલ કરવા પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે.
- **અષ્ટવિનાયક યાત્રા:** પંથોન થિરખાનોનના પ્રયાસોને લીધે થાઈલેન્ડના ભક્તોમાં અષ્ટવિનાયક યાત્રા ખૂબ લોકપ્રિય બની છે. 2002માં તેમણે ઉત્તરી થાઈલેન્ડના ચિયાંગ માઈમાં ગણેશ હિમાલ મ્યુઝિયમની સ્થાપના કરી હતી, આજે ત્યાં ભગવાન ગણેશની 10,000થી વધુ મૂર્તિઓ છે.
- **નશામુક્તિ અભિયાન:** ‘નશા મુક્ત યુવા અભિયાન’ હેઠળ દેશભરના લાખો યુવાનોએ નશા સામે એક મહત્વપૂર્ણ સંકલ્પ લીધો છે. તેઓએ પોતે નશાથી દૂર રહેવાના શપથ લીધા છે અને સાથે-સાથે આ સંદેશ અન્ય લોકો સુધી પહોંચાડવાની જવાબદારી પણ ઉપાડી છે.
- **એક પ્રેરણાદાયી ઉદાહરણ:** પ્રકૃતિ સાથેનો આપણો સંબંધ માત્ર તેના રક્ષણ પૂરતો જ સીમિત નથી. ઘણીવાર જ્યારે આપણે કુદરતની સંભાળ લઈએ છીએ, ત્યારે એ પણ આપણા જીવનનો સૌથી મોટો સહારો બની જાય છે. પશ્ચિમ બંગાળના સુંદરવનમાં કેટલીક મહિલાઓ આ અતૂટ સંબંધનું એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડી રહી છે.
- **હાથીઓનાં ઝુંડ:** આસામમાં સોનાઈ રૂપા વાઈલ્ડલાઈફ અભયારણ્ય આવેલું છે, જ્યાં હવે હાથીઓ પાછા ફર્યા છે. જ્યાં વર્ષોથી એક પણ હાથી જોવા નહોતો મળતો, ત્યાં આજે ફરી એકવાર હાથીઓના ઝુંડ જોવા મળી રહ્યા છે.

‘મન કી બાત’ સાંભળવા માટે
ક્યુઆર કોડ સ્કેન કરો

ન્યૂ ઈન્ડિયા
સમાચાર

વર્ષ: 7, અંક: 08 | 16-30 ઓક્ટોબર, 2026

મુખ્ય સંપાદક
ધીરેન્દ્ર ઓઝા
મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
સંતોષ કુમાર

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
પવન કુમાર

સહાયક સલાહકાર સંપાદક
અખિલેશ કુમાર
ચંદનકુમાર ચૌધરી

ભાષા સંપાદન
સુમિત કુમાર (અંગ્રેજી)
રજનીશ મિશ્રા (અંગ્રેજી)
નદીમ અહેમદ (ઉર્દૂ)

સિનિયર ડિઝાઈનર
કુલચંદ તિવારી

ડિઝાઈનર
સત્યમ સિંહ
અનિલ કુમાર



13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો.


https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો

https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરો: @NISPIBIndia

અંદરના પાનાં પર ...




કવર સ્ટોરી

એક ભારત - શ્રેષ્ઠ ભારત

સાંસ્કૃતિક એકતા થી લઈને વ્યવસ્થાઓના જોડાણ સુધી

એકતા એ મજબૂત પાયો છે જેના પર દેશ અને સમાજ સમૃદ્ધ બને છે. 31 ઓક્ટોબર 2015ના રોજ - સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેવડિયાની પવિત્ર ભૂમિ પરથી 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' પહેલની શરૂઆત કરી હતી. સરદાર પટેલે જે દ્રષ્ટિ સાથે આશરે 550 જેટલાં રજવાડાંઓને એક અખંડ ભારતમાં જોડ્યાં હતાં, તેમાંથી પ્રેરણા લઈને 11 વર્ષ પહેલાં શરૂ કરાયેલી આ 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' પહેલે હવે કરવેરા, રાશન, પેન્શન, બંધારણ, પરીક્ષાઓ અને સંશોધન જેવાં ડઝનબંધ ક્ષેત્રોમાં અનેક પગલાંઓનો માર્ગ મોકળો કર્યો છે, જે તમામ "એક રાષ્ટ્ર, એક વ્યવસ્થા" (વન નેશન, વન સિસ્ટમ)ના આધારસ્તંભ બની રહ્યા છે... | 10-27



સેમીકોન ઈન્ડિયા 2026

સેમિકન્ડક્ટર નવીનતા

રોકાણ અને વિકાસ માટે નવી તકોનાં દ્વાર ખોલી રહ્યું છે

પ્રધાનમંત્રી મોદીએ ભારતના અને વિદેશના પ્રતિભાશાળી યુવાનોને આધુનિક ટેક્નોલોજી વિકસાવવામાં ભાગીદાર બનવા માટે આહ્વાન કર્યું... | 32-33

વિશેષ: પ્રધાનમંત્રીનો લેખ

"શ્રી અશોક સિંઘલનું વ્યક્તિત્વ દ્રઢ સંકલ્પ અને સાદગીનો એક અનોખો સંગમ હતું."



પ્રધાનમંત્રી મોદીએ અશોક સિંઘલની જન્મજયંતી પર તેમના જીવન અને વિચારોને શ્રદ્ધાંજલિ અર્પતો લેખ શેર કર્યો | 7-9

સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ: કોમારામ ભીમ
'જળ, જંગલ, જમીન'નો નારો આપનાર મહાનુભાવ | 6

રવિ પાકો માટે ટેકાના ભાવમાં વધારો; ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-3 મંજૂર
કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો | 28-29

ભારત સરકાર ભવિષ્ય માટે યુવાનોને તૈયાર કરી રહી છે
51,000થી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કરાયું | 30-31

કનેક્ટિવિટીને વેગ... આત્મનિર્ભર ભારતને મજબૂતી
'ઉડાન'નાં 10 વર્ષ | 34-35

બંગાળમાં મહિલાઓનું સશક્તિકરણ
અન્નપૂર્ણા યોજના હેઠળ રૂ. 3,000નો ચોથો હપ્તો જારી કરાયો | 36-37

વિકાસની સાથે-સાથે પર્યાવરણ સંરક્ષણ
ક્લાઈમેટ ચેન્જ પર આયોજિત આંતરરાષ્ટ્રીય પરિષદમાં પ્રધાનમંત્રી મોદીનું સંબોધન | 38-39

રાજધાનીની કનેક્ટિવિટીને મળી નવી ગતિ
ગૃહમંત્રી અમિત શાહે બારાપુલ્લા ફેઝ-3 એલિવેટેડ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું | 42

72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ

ભારતીય સિનેમા ક્ષેત્રે ભાવિ તકો



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ એનાયત કર્યા... | 40-41



પ્રકાશક અને મુદ્રક: કંચન પ્રસાદ, મહાનિદેશક સીબીસી (કેન્દ્રીય સંચાર બ્યૂરો) પત્ર વ્યવહાર અને ઈમેલ માટેનું સરનામું: રૂમ નંબર - 1077, સૂચના ભવન, સીજીઓ કૉમ્પ્લેક્સ, નવી દિલ્હી-110003, ઈમેલ- response-nis@pib.gov.in આર.એન.આઈ. નંબર DELHIN/2020/78812

સંપાદકની કલમે ...

સરદાર પટેલનું સ્વપ્ન સાકાર કરતી એકતાની ભાવના

‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’નાં 11 વર્ષ

નમસ્કાર,

નકશો કે ભૌગોલિક સીમાઓ માત્ર કોઈ દેશની રાજકીય તાકાતના પ્રતીક નથી હોતા, એ તો એકતા અને પોતીકાપણાની ઊંડી ભાવનાથી ઘડાય છે અને ટકી રહે છે. ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલે આઝાદી મળતાં જ આ વાતને આત્મસાત કરી લીધી હતી, જ્યારે તેમણે 550થી વધુ વિખરાયેલાં રજવાડાંઓને એક અખંડ રાષ્ટ્રના તાંતણે બાંધ્યાં હતાં. સરદાર પટેલ માનતા હતા કે માત્ર ઈતિહાસ નોંધવામાં સમય બગાડવાને બદલે ઈતિહાસ રચવાનો પ્રયાસ કરવો જોઈએ. આ જ ભાવના તેમના દરેક નિર્ણયમાં છલકાતી હતી.

વ્યવહારમાં વાસ્તવિકતાવાદી, સંકલ્પમાં સાચા, કાર્યોમાં માનવતાવાદી અને ઉદ્દેશ્યમાં રાષ્ટ્રવાદી એવા સરદાર પટેલ માટે ‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’નું વિઝન સર્વોપરી હતું. ‘સ્ટેચ્યુ ઓફ યુનિટી’ આ જ ભાવનાનું સાક્ષાત પ્રતીક બનીને ઊભું છે; દેશભરના ખેડૂતોનાં ખેતીના ઓજારોમાંથી એકત્ર કરાયેલા લોખંડનો ઉપયોગ કરીને તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

એ જ વારસાને આગળ ધપાવતાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 31 ઓક્ટોબર 2015ના રોજ કેવડિયાથી ‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’ના વિઝનને સાકાર કરવાનો સંકલ્પ લીધો હતો. છેલ્લાં 11 વર્ષોમાં, અનેકવિધ નીતિઓ થકી આ સંકલ્પ હકીકતમાં ફેરવાયો છે. એકસમાન કર પ્રણાલીએ રાજ્યોના બજારોને એકબીજા સાથે જોડ્યાં; ‘વન રેન્ક વન પેન્શન’ યોજનાએ જવાનો વચ્ચે વર્ષો જૂની અસમાનતા દૂર કરી; કલમ 370 નાબૂદ થતાં જમ્મુ-કાશ્મીર સહિત સમગ્ર દેશમાં એકસમાન બંધારણીય અધિકારો લાગુ થયા; અને દેશભરમાં એકસમાન ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ (IST) સુનિશ્ચિત કરવા માટે નિયમો ઘડાયા. નવી શિક્ષણ નીતિમાં ભારતીય ભાષાઓ પર મુકાયેલો ભાર-તેમજ તમિલ, તેલુગુ, સંસ્કૃત, મલયાલમ, ઓડિયા અને કન્નડ ઉપરાંત મરાઠી, બાંગ્લા, અસમિયા, પાલી અને પ્રાકૃતને ‘શાસ્ત્રીય ભાષા’નો દરજ્જો આપવો-આ એકતાને વધુ મજબૂત બનાવે છે. ગામડાંને શહેરો સાથે જોડતા રેલવે, રસ્તા, હાઈવે અને ઈન્ટરનેટના ઝડપથી વિસ્તરી રહેલા નેટવર્કે પણ આ એકતાને નવું બળ પૂરું પાડ્યું છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ 31 ઓક્ટોબરે જ્યારે આપણે સરદાર પટેલની જન્મજયંતી ઉજવી રહ્યા છીએ, ત્યારે આ અવસર માત્ર તેમને યાદ કરવા પૂરતો નથી પણ આપણા સંકલ્પને નવેસરથી મજબૂત કરવાનો પણ છે. રાષ્ટ્રીય એકતા દિવસના આ વિશેષાંકની કવર સ્ટોરીમાં અમે એ વાત પર પ્રકાશ પાડ્યો છે કે 11 વર્ષ પહેલાં શરૂ થયેલી ‘એક ભારત-શ્રેષ્ઠ ભારત’ની ભાવના કેવી રીતે નીતિઓ અને વહીવટી વ્યવસ્થાઓને એકીકૃત કરવાના એક દ્રઢ સંકલ્પમાં પરિણમી છે.

વ્યક્તિત્વ વિભાગમાં, ‘જળ, જંગલ, જમીન’નો નારો સૌપ્રથમ આપનાર કોમારામ ભીમ વિશે વાંચો, સાથે કેન્દ્રીય કેબિનેટના મહત્વના નિર્ણયોની ઝલક પણ સામેલ છે. આ અંકમાં ‘ઉડાન’ યોજનાની 10 વર્ષની સફર અને છેલ્લા પખવાડિયા દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જાહેર કાર્યક્રમોની વિગતો પણ પ્રસ્તુત કરવામાં આવી છે.

અંદરના પાને ‘મન કી બાત’ અને બેક કવર પર આઝાદ હિન્દ સરકારના સ્થાપના દિવસ (21 ઓક્ટોબર) નિમિત્તે વિશેષ લેખ આ અંકનાં અન્ય મુખ્ય આકર્ષણો છે.

આપનાં સૂચનો અમને મોકલતા રહેશો.

(ધીરેન્દ્ર ઓઝા)

हिन्दी, अंग्रेज़ी अने अन्य 11 भाषाओमां उपलब्ध न्यु इन्डिया समाचार वांचो/डाउनलोड करो.

https://newindiasamachar.pib.gov.in/news.aspx

આપની વાત...





‘ન્યુ ઇન્ડિયા સમાચાર’ મેગેઝિન ખૂબ જ ઉપયોગી છે

હું ‘ન્યુ ઇન્ડિયા સમાચાર’નો નિયમિત વાચક છું, અને ભારત સરકારની યોજનાઓ, નીતિઓ તેમજ વર્તમાન પ્રવાહોથી અપડેટ રહેવા માટે મને આ મેગેઝિન ખૂબ જ ઉપયોગી લાગે છે. તે દેશની પ્રગતિ વિશેના મારા જ્ઞાનમાં વધારો કરે છે અને એક જવાબદાર નાગરિક તરીકે મારી ભૂમિકાને વધુ સારી રીતે સમજવા તેમજ સક્રિયપણે યોગદાન આપવા માટે મને પ્રેરણા આપે છે.

નિવેશ ગોયલ

goyalnivesh98@gmail.com

નવા અંકની આતુરતાપૂર્વક પ્રતીક્ષા

મને ‘ન્યુ ઇન્ડિયા સમાચાર’ મેગેઝિન વાંચવું ખૂબ ગમે છે અને હું તેના નવા અંકની આતુરતાપૂર્વક રાહ જોઉં છું. દર વખતે જ્યારે પણ હું તે વાંચું છું, ત્યારે મને ભારતની સાંસ્કૃતિક અને ધાર્મિક વિવિધતા વિશે ઘણું નવું જાણવા મળે છે. આ સાથે-સાથે, આ મેગેઝિન ભારતમાં રહેલી વિકાસની ક્ષમતાને પણ ઉજાગર કરે છે. ‘વિકસિત ભારત 2047’ના લક્ષ્યને હાંસલ કરવા માટે દેશ દરેક ક્ષેત્રમાં કેવી ઝડપથી આગળ વધી રહ્યો છે, તે આમાંથી જાણવા મળે છે.

shivanshchouhan397@gmail.com

આપણાં લક્ષ્યો તરફની આપણી સફરને વેગ

પહેલીવાર ‘ન્યુ ઇન્ડિયા સમાચાર’ મેગેઝિન લગભગ પૂરું વાંચ્યું. હવે હું એના પછીના અંકની રાહ જોઈશ. આમાં ઘણી બધી ઉપયોગી માહિતી અને સમાચારો છે, જે પોતાના લક્ષ્યો તરફ આગળ વધતી દેશની અવિરત સફરને ઉજાગર કરે છે. ભારત હંમેશાંથી જ્ઞાનનું કેન્દ્ર રહ્યું છે. મારું એક સૂચન છેઃ સર્વાંગી પ્રગતિના પાયાને મજબૂત કરવા માટે બાળ વિકાસ ખૂબ જરૂરી છે. તેથી, આ મેગેઝિનમાં બાળ વિકાસના વિષયને પણ સ્થાન મળવું જોઈએ જેથી આ મંચ થકી ભવિષ્યને વધુ સુરક્ષિત બનાવી શકાય.

nanda.purnimaa@gmail.com

વિવિધ યોજનાઓની વિગતવાર માહિતી

‘ન્યુ ઇન્ડિયા સમાચાર’ છેલ્લાં સાત વર્ષથી પ્રકાશિત થઈ રહ્યું છે. તે વ્યાપકપણે વંચાતું એક પાક્ષિક મેગેઝિન છે. તેમાં વિવિધ યોજનાઓ, મોટા પ્રોજેક્ટ્સ, નવી શિક્ષણ નીતિ, મહત્વપૂર્ણ કાયદાકીય ફેરફારો, પર્યાવરણ સંરક્ષણના પ્રયાસો અને વૈશ્વિક સ્તરે મજબૂત વેપાર સંબંધો અંગે વિગતવાર માહિતી પ્રગટ થાય છે. આ મેગેઝિને મારા જ્ઞાનને વધુ સમૃદ્ધ બનાવ્યું છે.

યોગેશ્વર બુવા

buwayogesh82@gmail.com

પત્ર વ્યવહાર અને ઇમેલ માટેનું સરનામુઃ રૂમ નંબર-1077, સૂચના ભવન, સીજીઓ કોમ્પલેક્ષ, નવી દિલ્હી - 110003.

ઇમેલ : response-nis@pib.gov.in

સમાચાર સાર

પીએમ વિશ્વકર્મા સ્કીમ

‘સન્માન, સામર્થ્ય અને સમૃદ્ધિ’નાં ત્રણ વર્ષ 30 લાખ કારીગરોની નોંધણી







દેશભરના કારીગરોના સન્માન, સામર્થ્ય અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલી પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ શરૂઆતના માત્ર ત્રણ જ વર્ષમાં 30 લાખથી વધુ કારીગરોની નોંધણી થઈ ચૂકી છે અને તેમને સહાય પૂરી પાડવામાં આવી છે. 17 સપ્ટેમ્બર 2023ના રોજ આ યોજના શરૂ થયા પછી, અત્યાર સુધીમાં આશરે 24.50 લાખ લોકોને પાયાની કૌશલ્ય તાલીમ આપવામાં આવી છે. આ ઉપરાંત, ઈન્ડિયા પોસ્ટ મારફતે 18.15 લાખ આધુનિક ટૂલકિટ્સનું વિતરણ પણ કરવામાં આવ્યું છે.

પીએમ વિશ્વકર્મા યોજનાની ત્રીજી વર્ષગાંઠ નિમિત્તે કોલકાતામાં આયોજિત એક કાર્યક્રમમાં બોલતા કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી જીતન રામ માંઝીએ જણાવ્યું હતું કે, 6.18 લાખ વિશ્વકર્મા લાભાર્થીઓને 5%ના રાહત દરે વાર્ષિક વ્યાજે રૂ. 1 લાખ સુધીની લોન આપવામાં આવી છે, જેની કુલ રકમ રૂ. 5,297 કરોડ થાય છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં 7 લાખથી વધુ લોકો અરજી કરી ચૂક્યા છે.

‘પ્રોજેક્ટ ચિત્તા’ પછી, હવે ‘પ્રોજેક્ટ રાઈનો’ની શરૂઆત

વિશ્વભરના ગેંડાઓની આશરે 80% વસ્તી ધરાવતું આસામ દેશનું એકમાત્ર રાજ્ય છે. પરિણામે, વિશ્વ ગેંડા દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આસામના કાઝીરંગામાં શિકાર રોકવા માટે કરાયેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી અને દેશમાં ગેંડા સંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે ‘પ્રોજેક્ટ રાઈનો’ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

‘પ્રોજેક્ટ રાઈનો’ હેઠળ ગેંડા ધરાવતાં રાજ્યોને નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડવામાં આવશે. આ પહેલ હેઠળ ગેંડાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી, તેમના કુદરતી રહેઠાણોની જાળવણી કરવી, ઓલાદ સુધારવી અને તેમની વસ્તી પર નજર રાખવી જેવી પ્રવૃત્તિઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું હતું કે બિહાર અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં કાં તો ગેંડા પાછા ફર્યા છે અથવા તો તેમની સારી રીતે સંભાળ રાખવામાં આવી રહી છે. ઉત્તર પ્રદેશના દુધવા ખાતે ગેંડાઓને પુનઃ વસાવવાના પ્રયાસો પણ સફળ સાબિત થયા છે. તેમણે જણાવ્યું હતું કે આ સફળતાઓ દર્શાવે છે કે વન્યજીવોના રક્ષણ અને તેમની બહેતર સંભાળ પ્રત્યે લોકોનું સમર્પણ સતત જળવાઈ રહ્યું છે.



વિદેશમાં રોજગારી માટે ભારતમાં કૌશલ્ય વિકાસ

ભારત સરકાર માત્ર દેશની અંદર જ રોજગારીની તકોનો વિસ્તાર નથી કરી રહી, પણ વિદેશમાં ઉપલબ્ધ તકોને અનુરૂપ યુવાનોને કૌશલ્યથી સજ્જ પણ કરી રહી છે. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય દ્વારા આશરે 20 દેશોની ચોક્કસ માંગ અનુસાર કુશળ જોબ રોલ્સને સુસંગત બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. નીતિ આયોગના મે 2026ના એક વર્કિંગ પેપર અનુસાર, ભારતીય ડાયસ્પોરાની વસ્તી 1.85 કરોડ છે. એમએસડીઈએ ઓસ્ટ્રેલિયા, ડેનમાર્ક, ફ્રાન્સ, જર્મની, જાપાન, કતાર, સિંગાપોર અને યુએઈ સહિત 8 દેશો સાથે કૌશલ્ય અને તાલીમ સહયોગ માટે કરારો કર્યા છે. આ દરમિયાન, વિદેશ મંત્રાલયે પણ 22 માઈગ્રેશન અને મોબિલિટી કરારો પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં કૌશલ્ય વિકાસ માટેની ચોક્કસ જોગવાઈઓ સામેલ કરવામાં આવી છે.

‘માય ભારત’ સાથે જોડાયા 30 મિલિયન યુવાનો... ભાગીદારી માટેની એક મજબૂત પ્રતિબદ્ધતા

યુવા સહભાગિતા માટેના સૌથી મોટા પ્લેટફોર્મ્સમાંના એક ‘માય ભારત’ (HTTPS://MYBHARAT.GOV.IN/) સાથે માત્ર ત્રણ વર્ષ કરતાં પણ ઓછા સમયમાં 3 કરોડથી વધુ યુવાનો જોડાઈ ચૂક્યા છે. આ સિદ્ધિ નેતૃત્વ, વ્યવહારુ શિક્ષણ, સ્વયંસેવા, નાગરિક સહભાગિતા અને રાષ્ટ્ર નિર્માણ સાથે સંકળાયેલી તકોમાં યુવાનોની વધી રહેલી ભાગીદારીને દર્શાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 31 ઓક્ટોબર 2023ના રોજ ‘માય ભારત’ની શરૂઆત કરી હતી. ‘માય ભારત’ મારફતે ‘વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ 2027’ જેવી પહેલો ચલાવવામાં આવી રહી છે, જે યુવાનોને તેમના વિચારો, સર્જનાત્મકતા, નેતૃત્વ અને નવીનતા રજૂ કરવાની ઉત્તમ તકો પૂરી પાડે છે.



ભારતીય વીજળીથી રોશન થયું નેપાળ

‘નેબરહૂડ ફર્સ્ટ’ નીતિની ભાવના હેઠળ ભારત હવે નેપાળને દરરોજ 18 કલાક (મધ્યરાત્રિના 12:00 વાગ્યાથી સાંજના 6:00 વાગ્યા સુધી) વીજળી પૂરી પાડશે. આ નિર્ણય ભારત અને નેપાળ વચ્ચેના ગાઢ અને દીર્ઘકાલીન ઊર્જા સહયોગને વધુ મજબૂત બનાવશે.

ઊર્જા મંત્રાલયે 13 સપ્ટેમ્બરથી નેપાળ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીને વીજળીની નિકાસ શરૂ કરી દીધી છે, જે પુરવઠો 31 ડિસેમ્બર 2026 સુધી ચાલુ રહેશે. જાન્યુઆરી 2027થી વીજ પુરવઠાનો જથ્થો અને સમયગાળો નક્કી કરવા માટે ડિસેમ્બર 2026માં એક સમીક્ષા બેઠક યોજાશે. નેપાળમાં તાજેતરમાં આવેલા વિનાશક પૂર બાદ ત્યાંના પાવર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વ્યાપક નુકસાન પહોંચ્યું હતું અને વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. મુઝફ્ફરપુર-ઢાલકેબર 400 kV DC લાઈન મારફતે 600 MW સુધી અને ટનકપુર-મહેન્દ્રનગર 132 kV S/C લાઈન મારફતે 54 MW સુધી વીજળી પૂરી પાડવામાં આવશે.




ભારતમાં ખેડૂતોને સોઈલ કાર્બન માટે પહેલીવાર ચૂકવણી મળી

પંજાબ અને હરિયાણાના ખેડૂતોએ પર્યાવરણ અને કુદરતી સંસાધનોનું રક્ષણ કરતી ખેતીની નવી પદ્ધતિઓ અપનાવી, જેના પરિણામે તેમને આર્થિક લાભ થયો છે. જમીનની ગુણવત્તા સુધારવાના ઉદ્દેશ્યવાળી આ અનોખી પહેલ હેઠળ, 2,500થી વધુ ખેડૂતોને રૂ. 3,000થી રૂ. 15,000 સુધીની ચૂકવણી મળી છે, જેની કુલ રકમ આશરે રૂ. 2.9 કરોડ થાય છે. દેશમાં સૌપ્રથમવાર શરૂ કરાયેલો આ કાર્યક્રમ હવે વિસ્તરીને સાત રાજ્યોમાં 100,000થી વધુ ખેડૂતો અને 20 લાખ એકરથી વધુ જમીનને આવરી ચૂક્યો છે.

પંજાબ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (લુધિયાણા) ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં પ્રથમ હપ્તાની ચૂકવણી જારી કરવામાં આવી હતી. ખેડૂતોને આ ચૂકવણી ‘ગ્રો ઈન્ડિગો’ના ‘આદિ’ કાર્બન પ્રોગ્રામ મારફતે મળે છે, જે વર્ષ 2019માં શરૂ કરવામાં આવ્યો હતો. વર્ષ 2019 અને 2022 વચ્ચે ખેડૂતોએ ડાયરેક્ટ સીડેડ રાઈસ, ઓછી ખેડ અને પાકના અવશેષોનું વ્યવસ્થાપન જેવી પદ્ધતિઓ અપનાવી હતી. કાર્યક્રમના જણાવ્યા અનુસાર, આ પદ્ધતિઓથી 45 અબજ લિટર પાણીની બચત થઈ, 200,000 ટનથી વધુ પાકના અવશેષો બળતાં અટક્યા અને હવામાં આશરે 1,000 ટન જેટલા હાનિકારક PM2.5 કણોનું ઉત્સર્જન ઘટ્યું.



‘જળ, જંગલ, જમીન’નો નારો આપનાર આદિવાસી યોદ્ધા



કોમારામ ભીમને હિંમત અને બલિદાનના પ્રતીક તરીકે યાદ કરવામાં આવે છે. તેઓ એક નીડર આદિવાસી યોદ્ધા હતા, જેમણે સૌપ્રથમ ‘જળ, જંગલ, જમીન’નો નારો આપ્યો હતો. તેમણે એકલા હાથે હૈદરાબાદના નિઝામ અને બ્રિટિશ હકૂમત બંને સામે મોરચો માંડ્યો હતો અને તેમની વિરુદ્ધ ગેરિલા યુદ્ધ છેડ્યું હતું. ગોંડ સમુદાયમાં કોમારામ ભીમ લગભગ એક દેવતાની જેમ પૂજાય છે. વિદ્રોહ અને પ્રતિકારનું પ્રતીક બની ગયેલા ભીમે લાખો લોકોના હૃદય પર પોતાની એક અમીટ છાપ છોડી છે.

જન્મ: ઑક્ટોબર 22, 1901 | મૃત્યુ: ઑક્ટોબર 8, 1940

કોમારામ ભીમ આખી જિંદગી અત્યાચાર અને શોષણ સામે લડતા રહ્યા, અને આજે પણ આદિવાસી સમુદાય તેમને ભગવાનની જેમ પૂજે છે. તેમનો જન્મ 22 ઓક્ટોબર 1901ના રોજ તેલંગાણાના આજના કોમારામ ભીમ જિલ્લામાં આવેલા સંકેપલ્લી ગામમાં એક ગોંડ આદિવાસી પરિવારમાં થયો હતો. તેમણે નિઝામ અને બ્રિટિશ બંનેના અત્યાચારી શાસન વિરુદ્ધ અવિરત સંઘર્ષ છેડ્યો હતો.


એક જમીનદારના અત્યાચારોનો વિરોધ કર્યા પછી પોતાનું ગામ છોડવાની ફરજ પડતાં તેઓ આખરે આસામના ચાના બગીચાઓ સુધી પહોંચી ગયા. ત્યાં તેમણે ચાના બગીચામાં કામ કરતા મજૂરોની વેદના જોઈ. ત્યાં જ તેમને પોતાની આસપાસ ચાલી રહેલા વિવિધ આંદોલનોમાંથી પ્રેરણા મળી. તેઓ વાંચતા-લખતા શીખ્યા અને તેમને સમજાયું કે અન્યાય સામે સંગઠિત સંઘર્ષ જ સૌથી મોટું હથિયાર છે. જ્યારે તેઓ ઘરે પાછા ફર્યા, ત્યારે પોતાના લોકોને એકજૂટ કરવા અને જાગૃત કરવાના મિશન સાથે પાછા આવ્યા હતા.

1926થી 1940 દરમિયાન ભીમે નિઝામ શાસન સામે સતત ગેરિલા લડત ચલાવી. તેમણે જંગલોમાં એક ગેરિલા સેના ઊભી કરી અને પોતાના લડવૈયાઓને માત્ર ધનુષ-બાણ, ભાલા અને પરંપરાગત હથિયારોથી સજ્જ કર્યા – તેમ છતાં તેઓ નિઝામના આધુનિક અને સુસજ્જ સૈન્યને પડકારવામાં સફળ રહ્યા. ભીમ ગામડે-ગામડે ફર્યા અને લોકો પર થઈ રહેલા અત્યાચારો વિરુદ્ધ તેમને એકઠા કર્યા. ઘણી વખત જ્યારે સૈનિકો ગામડાઓમાં કર ઉઘરાવવા આવતા, ત્યારે ભીમ અને તેમના સાથીઓ તેમને ભગાડી મૂકતા હતા.

માનવામાં આવે છે કે તેઓ અલ્લુરી સીતારામ રાજુથી ખૂબ પ્રભાવિત હતા. રાષ્ટ્રનું રક્ષણ કરતી વખતે, 8 ઓક્ટોબર 1940ના રોજ – આસો પૂર્ણિમાના દિવસે – એક ભીષણ યુદ્ધ દરમિયાન નિઝામના સૈન્ય દ્વારા દગા અને કપટથી તેમની હત્યા કરવામાં આવી હતી. વર્ષ 2016માં આસિફાબાદ જિલ્લાનું નામ બદલીને કોમારામ ભીમ આસિફાબાદ જિલ્લો કરવામાં આવ્યું. ત્યાં એક સ્મારક અને કોમારામ ભીમ મ્યુઝિયમની સ્થાપના કરવામાં આવી છે. ગોંડ સમુદાય દર વર્ષે આસો પૂર્ણિમાના દિવસે તેમની પુણ્યતિથિ ઉજવે છે. આ અવસરે જોડેઘાટ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે; આ એ જ સ્થળ છે જ્યાં 1940માં કોમારામ ભીમ શહીદ થયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 16 ઓક્ટોબર 2025ના રોજ ‘મન કી બાત’ના 127મા એપિસોડમાં કોમારામ ભીમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેમણે જણાવ્યું હતું કે, “હું જે મહાન વિભૂતિની વાત કરી રહ્યો છું તે કોમારામ ભીમ છે. 22 ઓક્ટોબરે તેમની જન્મજયંતી ઉજવવામાં આવી હતી. કોમારામ ભીમ બહુ લાંબુ આયુષ્ય જીવી ન શક્યા; તેઓ માત્ર 40 વર્ષ જ જીવ્યા, પરંતુ પોતાના જીવનકાળ દરમિયાન તેમણે અસંખ્ય લોકોના, ખાસ કરીને આદિવાસી સમાજના હૃદય પર એક અમીટ છાપ છોડી છે. તેમણે નિઝામ સામે લડી રહેલા લોકોમાં નવો પ્રાણ ફૂંક્યો હતો. તેઓ નિઝામના શાસન માટે એક મોટો પડકાર બની ગયા હતા. 1940માં નિઝામના માણસો દ્વારા તેમની હત્યા કરવામાં આવી હતી. હું યુવાનોને વિનંતી કરું છું કે તેઓ તેમના વિશે વધુમાં વધુ જાણવાનો પ્રયાસ કરે.” તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, “કોમારામ ભીમ-કી... નમ્ર શ્રદ્ધાંજલિ. આયન પ્રજાల હૃદયલ્લો... અપ્પટિકી નિલિચિ-વુન્ટારુ.” જેનો સરળ અર્થ થાય છેઃ “કોમારામ ભીમજીને મારા નમ્ર વંદન; તેઓ સદાય લોકોના હૃદયમાં જીવંત રહેશે.”■

“શ્રી અશોક સિંઘલનું વ્યક્તિત્વ દ્રઢ સંકલ્પ અને સાદગીનો એક અનોખો સંગમ હતું.”



નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 27 સપ્ટેમ્બરના રોજ અશોક સિંઘલની જન્મજયંતી નિમિત્તે તેમના દ્રઢ નિશ્ચય, સાદગી અને સામાજિક એકતા પ્રત્યેના અતૂટ સમર્પણને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ વર્ષ અશોક સિંઘલના જન્મ શતાબ્દી વર્ષની શરૂઆત દર્શાવે છે. આ અવસરે તેમણે સિંઘલના જીવન અને આદર્શોને સમર્પિત એક લેખ શેર કર્યો હતો, સાથે જ તેમના અથાક સંગઠનાત્મક કાર્યને પણ યાદ કર્યું હતું.

એક સુંદર કહેવત છેઃ *“वृक्ष कबहुँ न फल भखै, नदी न संचै नीर। परमारथ के कारने, साधुन धरा शरीर।”* એટલે કે, વૃક્ષ ક્યારેય પોતાનાં ફળ પોતે ખાતું નથી અને નદી ક્યારેય પોતાનું પાણી પોતાના માટે સંગ્રહ કરતી નથી. બંને બીજાના ભલા માટે જ અસ્તિત્વ ધરાવે છે. આપણા સંતો અને ઋષિમુનિઓ આપણને વર્ષોથી શીખવતા આવ્યા છે કે આપણી આસપાસના લોકોના કલ્યાણ માટે સમર્પિત જીવન વ્યક્તિગત સિદ્ધિઓ કરતાં ક્યાંય વધુ ગહન અર્થ મેળવે છે. જો કોઈ એક વ્યક્તિમાં આ ભાવના સતત પ્રતિબિંબિત થતી જોવા મળી હોય, તો તે શ્રી અશોક સિંઘલજી હતા. 27 સપ્ટેમ્બરથી શરૂ કરીને, આપણે એક એવા અસાધારણ વ્યક્તિત્વનું જન્મ શતાબ્દી વર્ષ ઉજવી રહ્યા છીએ, જેમણે આધ્યાત્મિક સાધના, સાંસ્કૃતિક જાગૃતિ અને દાયકાઓ સુધી સમર્પિત સંગઠનાત્મક કાર્યનો અનોખો સમન્વય સાધ્યો હતો.

હું મારું અહોભાગ્ય માનું છું કે મને અશોકજી સાથે વાર્તાલાપ કરવાની અને તેમનો સ્નેહ મેળવવાની અગણિત તકો મળી હતી.

હું મારું અહોભાગ્ય માનું છું કે મને અશોકજી સાથે સંવાદ કરવાની અને તેમનો સ્નેહ મેળવવાની અગણિત તકો મળી હતી. આ પૈકીનો એક શરૂઆતનો પ્રસંગ 1981નો છે, જ્યારે હું એક યુવાન કાર્યકર્તા તરીકે મને સોંપાયેલી સંગઠનાત્મક જવાબદારીઓ નિભાવી રહ્યો હતો. તે સમયે મને તેમના તરફથી એક હસ્તલિખિત પત્ર મળ્યો હતો. સ્વાભાવિક રીતે જ, એ મારા માટે એક ખૂબ જ યાદગાર ક્ષણ હતી. તેમણે આગામી એક મહત્વપૂર્ણ કાર્યક્રમ વિશે વાત કરી હતી અને કેટલાક કાર્યો સોંપ્યા હતા.

દાયકાઓ સુધી મેં તેમને રાત-દિવસ કામ કરતા જોયા છે. તેઓ અંતરિયાળ વિસ્તારોમાં લાંબી અને ઘણી વખત અત્યંત મુશ્કેલ મુસાફરી કરતા હતા. ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં પ્રવાસ કરવાનો તેમને વિશેષ લગાવ હતો. સમાજના છેવાડાના માનવી માટે હજુ વધુ શું કરી શકાય, એ વિચાર હંમેશાં તેમના મનમાં ચાલતો રહેતો. જ્યારે પણ દેશના કોઈ ભાગમાં કુદરતી આપત્તિ

પ્રધાનમંત્રીનો લેખ વાંચવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.



પ્રયાગરાજમાં ઉછરેલા અશોકજી ઘણીવાર સંગમના કિનારે કલાકો સુધી બેસી રહેતા. તેમને નદી પ્રત્યે સહજ લગાવ હતો અને ત્યાં આવતા સાધુઓ, સંતો તેમજ શ્રદ્ધાળુઓ સાથે તેમનો ઊંડો આત્મીય નાતો બંધાયો હતો.

આવતી, ત્યારે અશોકજી કાં તો પોતે ત્યાં પહોંચનારા પ્રથમ લોકોમાંના એક હોત અથવા અસરગ્રસ્તોને મદદ કરવા માટે કાર્યકર્તાઓનું માર્ગદર્શન કરનારાઓમાં સામેલ હોત. 2001ના કચ્છના ભૂકંપ પછી તેમની સાથેનો મારો અંગત અનુભવ અવિસ્મરણીય રહ્યો છે.

અન્ય લોકો પ્રત્યે કરુણા અને કાળજીની આ ભાવના અશોકજીમાં જીવનના ખૂબ જ શરૂઆતના તબક્કે આવી ગઈ હતી. તેઓ અત્યંત પ્રતિષ્ઠિત અને સમૃદ્ધ પરિવારમાંથી આવતા હતા. તેમના પિતા શ્રી મહાવીરજી એક જાણીતા પ્રશાસક હતા. તેમના એક ભાઈ શ્રી બી. પી. સિંઘલજી આગળ જઈને એક પોલીસ અધિકારી અને ત્યારબાદ સંસદ સભ્ય બન્યા. અન્ય એક ભાઈ શ્રી વી. પી. સિંઘલજી ત્રિપુરા રાજ્યની રચના થઈ ત્યારે તેના મુખ્ય સચિવ હતા. પરિવારના અન્ય સભ્યો વેપાર અને કૃષિ ક્ષેત્રે સફળ રહ્યા હતા. પરંતુ નાનપણથી જ અશોકજીનું આકર્ષણ કંઈક સાવ અલગ જ બાબત તરફ હતું. ભારતનું પુનરુત્થાન અને મા ભારતીનાં સંતાનોનું ગૌરવ વધારવું. પ્રયાગરાજમાં ઉછરેલા અશોકજી કલાકો સુધી સંગમના કિનારે બેસી રહેતા. નદી તેમને સહજ રીતે આકર્ષતી હતી, પરંતુ ત્યાં આવતા સંતો, મહાત્માઓ અને શ્રદ્ધાળુઓ પણ તેમનામાં ભારે રસ જગાડતા. આનાથી ભારતના સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યેની તેમની સમજ કેળવાઈ અને સમાજ માટે કંઈક કરવાનો તેમનો સંકલ્પ વધુ મજબૂત બન્યો. અન્ય લોકો માટે જીવવાની આ ભાવના જ તેમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તરફ દોરી ગઈ. તેમની પાસે આવેલી દરેક જવાબદારીને તેમણે ઉત્સાહ, શિસ્ત અને કર્તવ્યભાવ સાથે સ્વીકારી.

શ્રી અશોક સિંઘલજીએ અથાક પરિશ્રમ અને ધગશ થકી સંસ્થાઓ અને આંદોલનોને સીંચ્યા હતા. તેમને પ્રભાવશાળી અવાજ અને અદ્ભુત વક્તૃત્વ કળાની ભેટ મળી હતી, જે સમગ્ર સભાને મંત્રમુગ્ધ કરી દેતી. એટલી જ નોંધપાત્ર બાબત સાથી કાર્યકર્તાઓ પ્રત્યેની તેમની કાળજી હતી. તેમના સંપર્કમાં આવનાર કોઈપણ વ્યક્તિ તેમની અદભુત સાદગી જોઈને આશ્ચર્યચકિત થઈ જતી. સંત સમાજ સાથે તેમનો ઊંડો નાતો હતો અને દેશભરના સંતો-મહંતોમાં તેઓ અપાર આદર ધરાવતા હતા. સંતો તેમની સલાહને માન આપતા અને ખૂબ આદરપૂર્વક તેમની વાત સાંભળતા હતા.

શ્રી અશોક સિંઘલજીના પ્રેરણાદાયી વ્યક્તિત્વને ઉજાગર કરતા બે પ્રસંગો મને ખાસ યાદ આવે છે. પહેલો પ્રસંગ 1993નો છે, જ્યારે સ્વામી વિવેકાનંદના શિકાગો સંબોધનનાં 100 વર્ષ પૂર્ણ થવાના અવસરે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા યુએસએ (USA)માં એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદેશમાં આવી પરિષદ યોજવાની દૂરંદેશી, તેનું આયોજન અને વિવિધ વર્ગોને એક મંચ પર લાવવાનું કાર્ય અશોકજીની સંગઠનાત્મક





આજે જો અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણ પામ્યું છે, તો તે તેમના જેવા દિગ્ગજોને આભારી છે, જેમણે તેને સાકાર કરવાના પ્રયાસોમાં પોતાને નિઃસ્વાર્થપણે સમર્પિત કરી દીધા હતા.

કુશળતાની સાબિતી આપતું હતું.

બીજો પ્રસંગ વર્ષ 2000નો છે. ત્રિનિદાદ અને ટોબેગોના પોર્ટ ઓફ સ્પેનમાં વિશ્વ હિન્દુ પરિષદનું આયોજન થયું હતું. હું જોઈ શકતો હતો કે તેમની હાજરીએ અન્ય પ્રતિનિધિઓમાં કેવો અદભુત ઉત્સાહ ભરી દીધો હતો. મારા વક્તવ્ય પછી તેમણે કહેલા પ્રશંસાના શબ્દો મારા માટે ખૂબ જ ભાવુક અને પ્રેરણાદાયી અનુભવ હતા. મેં ફરી એકવાર જોયું કે તેમના પ્રોત્સાહને દરેક કાર્યકર્તામાં કેટલી ઊર્જા ભરી દીધી હતી.

રામ જન્મભૂમિ આંદોલનમાં શ્રી અશોક સિંઘલજીની મુખ્ય ભૂમિકાને યાદ કર્યા વગર તેમનો કોઈપણ ઉલ્લેખ અધૂરો ગણાય. 1991માં બોટ ક્લબ રેલીમાં આપેલું તેમનું ભાષણ કોણ ભૂલી શકે? અથવા આંદોલનની ચરમસીમા વખતે ઘાયલ થયેલા અને લોહીલુહાણ થયેલા અશોકજીની એ ઐતિહાસિક તસવીર કોણ ભૂલી શકે? આજે જો અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણ પામ્યું છે, તો તે તેમના જેવા દિગ્ગજોને આભારી છે, જેમણે તેને સાકાર કરવા માટે પોતાને નિઃસ્વાર્થપણે સમર્પિત કરી દીધા હતા. અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થતું જોઈને કદાચ તેઓ સૌથી વધુ ખુશ થયા હોત.

શ્રી અશોક સિંઘલજી પાસે વિચારોની ગજબની સ્પષ્ટતા હતી અને તેનું એક ઉદાહરણ એ માન્યતામાં સ્પષ્ટપણે જોવા મળતું હતું કે આપણો સમાજ સુમેળભર્યો હોવો જોઈએ અને ભાઈચારાના સંદેશને સતત મજબૂત બનાવવો જોઈએ. તેમણે સામાજિક એકતા અને સમાનતાને મજબૂત કરવા માટે સતત કામ કર્યું. તેઓ દ્રઢપણે માનતા હતા કે સમાજમાં કોઈપણ પ્રકારનો ભેદભાવ ન હોવો જોઈએ અને દરેક વ્યક્તિ સમાન ગરિમા અને સન્માનની હકદાર છે. તેમનો જ વિચાર હતો કે અયોધ્યામાં રામ મંદિરની પ્રથમ ઈંટ બિહારના એક સામાન્ય વીએચપીના કાર્યકર્તા શ્રી કામેશ્વર ચૌપાલજી દ્વારા મૂકવામાં આવે, જે સમાજના વંચિત વર્ગમાંથી આવતા હતા. કાશી ખાતેની ધર્મ સંસદમાં તેમણે નિર્ણય લીધો કે ડોમ રાજાનું સન્માન કરવામાં આવશે અને બાદમાં તેમણે સામાજિક પ્રયાસોના ભાગરૂપે તેમની સાથે મળીને કામ પણ કર્યું.

રાષ્ટ્ર નિર્માણ ઉપરાંત, શ્રી અશોક સિંઘલજીના હૃદયની અત્યંત નજીક હોય તેવા બે વિષયો હતાઃ શિક્ષણ (ખાસ કરીને વૈદિક શિક્ષણ) અને સંગીત. વારાણસીના સાંસદ તરીકે, મને ખૂબ ગર્વ થાય છે કે હું જે શહેરનું પ્રતિનિધિત્વ કરું છું તે શાશ્વત કાશીએ શ્રી અશોક સિંઘલજીના જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી શિક્ષિત થયા હતા અને એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે પણ જાણીતા હતા. તેઓ 'એકલ વિદ્યાલય' પહેલ સાથે ગાઢ રીતે જોડાયેલા હતા, જે અંતરિયાળ ગામડાઓમાં, ખાસ કરીને આદિવાસી સમુદાયો સુધી પાયાનું શિક્ષણ પહોંચાડવાનું કામ કરતી હતી. તેઓ ઉત્સુક વાચક હોવાની સાથે એક ઉત્તમ શ્રોતા પણ હતા અને તેઓ હંમેશાં યુવાન કાર્યકર્તાઓને વધુમાં વધુ વાંચન કરવાનો આગ્રહ રાખતા.

અશોકજીને નજીકથી જાણનારા લોકો જાણતા હતા કે તેઓ કેટલું સુંદર ગાતા હતા! મને નાગપુરની બેઠકો યાદ આવે છે, જ્યાં તેઓ એકલ ગીત ગાતા અને સૌને મંત્રમુગ્ધ કરી દેતા તેમજ બેઠકનો માહોલ જીવંત બનાવી દેતા. વર્ષ 2015માં તેમના 90મા જન્મદિવસની ઉજવણી દરમિયાન તેમણે સૌને આશ્ચર્યચકિત કરીને ગાયેલું ગીત "હે માતૃભૂમિ મેરી, હે પિતૃભૂમિ મેરી" ખૂબ વાયરલ થયું હતું.

તેમના જન્મ શતાબ્દી વર્ષે, ચાલો આપણે સુનિશ્ચિત કરીએ કે વધુ ને વધુ યુવાનો તેમની મહાનતાથી પરિચિત થાય. અને ચાલો, આપણા રાષ્ટ્ર તેમજ દેશવાસીઓ માટેના તેમના સપનાંઓને સાકાર કરવાનો સંકલ્પ આપણે સૌ ફરી એકવાર દોહરાવીએ. ■

राष्ट्रीय एकता दिवस विशेष

आवरण कथा

એક ભારત - શ્રેષ્ઠ ભારત

સાંસ્કૃતિક એકતા

થી

લઈને વ્યવસ્થાઓના જોડાણ સુધી



એકતા એ મજબૂત પાયો છે જેના પર રાષ્ટ્ર અને સમાજ સમૃદ્ધ થાય છે. જ્યારે એકતા હોય છે, ત્યારે રાષ્ટ્રની અખંડિતતા અક્ષુણ્ણ રહે છે. એકતા એ વિકસિત ભારતના લક્ષ્યને હાંસલ કરવાની ચાવી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 31 ઓક્ટોબર 2015ના રોજ - સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે - કેવડિયાની પવિત્ર ભૂમિ પરથી 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' પહેલની શરૂઆત કરી હતી. ભાષા, સંસ્કૃતિ અને પરંપરાઓના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાના પ્રયાસ તરીકે શરૂ થયેલી આ પહેલ, વિતેલા એક દાયકામાં સુશાસનનો આત્મા બની ગઈ છે. જે વિઝને સરદાર પટેલને 550થી વધુ રજવાડાંઓને એક કરવા માટે પ્રેરિત કર્યા હતા, તે જ વિચાર આજે કરવેરા, રાશન વિતરણ, પેન્શન, બંધારણ, પરીક્ષાઓ અને સંશોધન જેવા ક્ષેત્રોને આવરી લેતી ડઝનબંધ "વન નેશન, વન સિસ્ટમ" પહેલોના પાયા તરીકે કામ કરી રહ્યો છે.

આ 31 ઓક્ટોબરે, રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે, દેશ સરદાર પટેલની 150મી જન્મજયંતીની બે વર્ષ સુધી ચાલનારી રાષ્ટ્રવ્યાપી ઉજવણીની શરૂઆત કરી રહ્યો છે. આવો જાણીએ કે સાંસ્કૃતિક એકતામાં રહેલો 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'નો મંત્ર નીતિનિર્માણ અને નાગરિકો માટે 'ઈઝ ઓફ લિવિંગ' નો આધારસ્તંભ કેવી રીતે બન્યો છે.

ઉત્તર પ્રદેશમાં 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજનાના લાભાર્થી વૃંદાવન ચૌરસિયાના પરિવારમાં પાંચ સભ્યો છે. તેઓ જણાવે છે કે તેમની પાસે પરિવારના તમામ પાંચ સભ્યો માટેનું રાશન કાર્ડ છે, જે સીધું જ વાજબી ભાવની દુકાન સાથે લિંક થયેલું છે અને તેમને દર મહિને રાશન મળે છે. 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજનાના લાભાર્થી તરીકે તેઓ દેશભરની કોઈપણ વાજબી ભાવની દુકાનેથી રાશન મેળવી શકે છે, આ માટે તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કરે છે. અન્ય એક લાભાર્થી કૃષ્ણ કુમાર મૌર્ય જણાવે છે કે તેમની પાસે પાંચ યુનિટનું કાર્ડ છે અને કોઈપણ મુશ્કેલી વગર તેમને દર મહિને ચોખા તેમજ ઘઉં મળી રહે છે. 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજનાને કારણે તેઓ દેશના કોઈપણ ખૂણે આ અનાજ મેળવી શકે છે. આ સુવિધા પૂરી પાડવા બદલ તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો હૃદયપૂર્વક આભાર માને છે. પ્રવાસી શ્રમિકો માટે આ યોજના કોઈ વરદાનથી ઓછી નથી અને તેમના માટે જીવનરેખા સાબિત થઈ રહી છે. હવે દરેક રાશન કાર્ડધારક દેશમાં ગમે ત્યાં આવેલી કોઈપણ વાજબી ભાવની દુકાનેથી રાશન મેળવી શકે છે.

આ પરિવર્તન 'વન નેશન-વન રાશન કાર્ડ' યોજના દ્વારા શક્ય બન્યું છે, જે ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ તમામ નાગરિકો માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વર્ષ 2019માં શરૂ કરવામાં આવી હતી. આ યોજના પાછળનો વિચાર મોબાઈલ નંબર પોર્ટેબિલિટી જેવો જ છે. જેમ કોઈ વ્યક્તિ પોતાનો ફોન નંબર બદલ્યા વિના સેવા પ્રદાતા બદલી શકે છે, તેમ લાભાર્થીઓ હવે નવું કાર્ડ કઢાવ્યા વિના દેશમાં ગમે ત્યાંથી પોતાના ક્વોટાનું રાશન મેળવી શકે છે. તમામ રાશન કાર્ડને આધાર સાથે લિંક કરીને અને વાજબી ભાવની દુકાનો પર ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ (e-PoS) મશીનો સ્થાપિત કરીને આ પોર્ટેબિલિટી શક્ય બનાવવામાં આવી હતી. આ યોજના ખાસ કરીને એવા લાખો પ્રવાસી શ્રમિકો માટે બનાવવામાં આવી હતી જેઓ રોજીરોટીની શોધમાં અન્ય રાજ્યોમાં જાય છે, તેઓ હવે પોતાના ગૃહ રાજ્યની જેમ જ અન્ય કોઈપણ રાજ્યમાં પણ પોતાના અધિકાર મેળવી શકે છે.

વૃંદાવન ચૌરસિયા અને કૃષ્ણ કુમાર મૌર્ય જેવા લાખો પ્રવાસી કામદારો, કારીગરો અને નાના શ્રમિકો માટે આ યોજના ગરિમા અને વિશ્વાસ લઈને આવી છે. આ એક વ્યાપક ચિત્રનું માત્ર એક ઉદાહરણ છે, જેમાં ભારતે છેલ્લા એક દાયકામાં પોતાની વિખરાયેલી વ્યવસ્થાઓને એકીકૃત વ્યવસ્થામાં વણી લેવાની શરૂઆત કરી છે.

રાજ્યો અનેક, રાષ્ટ્ર એક
પંથ અનેક, લક્ષ્ય એક
બોલીઓ અનેક, અવાજ એક
ભાષાઓ અનેક, અભિવ્યક્તિ એક
રંગો અનેક, ધ્વજ એક
સમાજ અનેક, ભારત એક
રીતિ-રિવાજ અનેક, સંસ્કૃતિ એક
આજીવિકા અનેક, સંકલ્પ એક
માર્ગો અનેક, મંઝિલ એક
ચહેરા અનેક, સ્મિત એક
આ એકતાનો એ જ મંત્ર છે
જેને અનુસરીને દેશે આગળ વધવું જોઈએ

મહાત્મા ગાંધી કહેતા હતા કે, " 'વિવિધતામાં એકતા' સાકાર કરવાની આપણી ક્ષમતાની સતત કસોટી થતી રહેશે... આપણે કોઈપણ ભોગે આ કસોટીમાં પાર ઊતરવું જ પડશે." વિતેલાં 12 વર્ષોમાં ભારત વિવિધતામાં એકતાની આ ભાવનાને ચરિતાર્થ કરવાના દરેક પ્રયાસમાં સફળ રહ્યું છે. પોતાની નીતિઓ અને નિર્ણયો દ્વારા સરકારે 'એક ભારત'ની ભાવનાને સતત મજબૂત બનાવી છે. આજે 'વન નેશન-વન આઈડેન્ટિટી' (આધાર), 'વન નેશન-વન ટેક્સ' (જીએસટી), 'વન નેશન-વન પાવર ગ્રીડ', 'વન નેશન-વન રાશન કાર્ડ' અને 'વન નેશન-વન હેલ્થ ઈન્સ્યોરન્સ' જેવી સંકલિત વ્યવસ્થાઓએ દેશને એક તાંતણે બાંધ્યો છે. દેશ હવે 'વન નેશન-વન ઈલેક્શન' (એક રાષ્ટ્ર-એક ચૂંટણી) તરફ આગળ વધી રહ્યો છે, જે ભારતની લોકશાહીને વધુ મજબૂત બનાવશે. ભારત 'વન નેશન સિવિલ કોડ'-એટલે કે એક ધર્મનિરપેક્ષ નાગરિક સંહિતા તરફ પણ અગ્રેસર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે લાલ કિલ્લા પરથી આ અંગે જાહેરાત કરી હતી. તેના મૂળમાં સરદાર પટેલના સામાજિક એકતાના વિઝનની પ્રેરણા રહેલી છે. આ પહેલ વિવિધ સામાજિક જૂથો વચ્ચે ભેદભાવ સંબંધિત ફરિયાદો દૂર કરવામાં અને રાષ્ટ્રની એકતાને વધુ સુદ્રઢ કરવામાં મદદરૂપ બનશે.

એક વિચાર જે લોકકલ્યાણની નીતિમાં પરિવર્તિત થયો

31 ઓક્ટોબર 2015ના રોજ, મુત્સદ્દીગીરી અને દ્રઢ સંકલ્પબળ થકી આશરે 550 રજવાડાંઓનું એકીકરણ કરીને આધુનિક ભારતનું નિર્માણ કરનારા સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે, પ્રધાનમંત્રી મોદીએ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી દરમિયાન 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' પહેલનો પ્રારંભ કરાવ્યો હતો. તેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, કેન્દ્રીય મંત્રાલયો, શૈક્ષણિક સંસ્થાઓ અને સામાન્ય જનતા વચ્ચે ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને પરંપરાઓના સીધા આદાન-પ્રદાન માટે એક સુગમ માધ્યમ સ્થાપિત કરવાનો હતો, જેથી રાષ્ટ્રની એકતા અને અખંડિતતા વધુ મજબૂત બને.

> ***કોઈપણ સમાજની શક્તિ તેની એકતામાં રહેલી છે. તેથી જ મજબૂત રાષ્ટ્રનું હિત ઇચ્છનારા લોકો એકતાની આ ભાવનાની પ્રશંસા કરે છે અને તેના માટે પ્રયત્નશીલ રહે છે. આથી, દેશની એકતા અને અખંડિતતા એ આપણા સૌની સામુહિક જવાબદારી છે.***
>
> **– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

શિક્ષણ મંત્રાલયની આગેવાની હેઠળ શરૂ કરાયેલા આ કાર્યક્રમમાં દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશને અન્ય એક રાજ્ય સાથે જોડીને સાંસ્કૃતિક પ્રવાસો, ભાષા શિબિરો, વિદ્યાર્થી-શિક્ષક વિનિમય કાર્યક્રમો અને ઉત્સવોનું આયોજન કરવામાં આવ્યું. પરિણામે, તમિલનાડુનો વિદ્યાર્થી પંજાબની પરંપરાઓનો અનુભવ કરી શક્યો, તો આસામનો યુવાન ગુજરાતના ગરબામાં ભાગ લઈને એ પ્રદેશની સંસ્કૃતિની સુવાસ અનુભવી શક્યો. શાળાઓ અને કોલેજોમાં નિબંધ સ્પર્ધાઓ, ક્વિઝ અને સાંસ્કૃતિક ઉત્સવો આ પહેલનો અભિન્ન અંગ બન્યા, જેનાથી બાળકો માટે "વિવિધતામાં એકતા"નો વિચાર માત્ર પાઠ્યપુસ્તક પૂરતો સીમિત ન રહેતાં એક જીવંત અનુભવ બની ગયો.

સમય જતાં, આ પહેલમાં અન્ય ઘણાં પરિમાણો પણ ઉમેરાયાં. દેશભરમાં સ્થાનિક સંસ્કૃતિ અને હસ્તકળાને પ્રોત્સાહન આપવા માટે 'પર્યટન પર્વ', યુનિવર્સિટીઓમાં 'માતૃભાષા ગૌરવ' જેવા કાર્યક્રમો અને સરકારી યોજનાઓમાં વિવિધ ભાષાઓ તેમજ બોલીઓનો સમાવેશ–આ તમામ પ્રયાસો એ દ્રઢ વિશ્વાસથી પ્રેરિત હતા કે એકતા કોઈ એક ભાષા કે સંસ્કૃતિ થોપવાથી નહીં, પરંતુ વિવિધતાને સ્વીકારવાથી જ આવે છે, જેવી રીતે સરદાર પટેલે તમામ રજવાડાંઓની પોતીકી ઓળખ જાળવી રાખીને તેમને એક ધ્વજ નીચે એકત્ર કર્યા હતા.

જોકે, એક સાંસ્કૃતિક પ્રયોગ તરીકે શરૂ થયેલી આ પહેલ ધીમે ધીમે એક વ્યાપક વિચારધારામાં પરિવર્તિત થઈ. તે એ વિચાર પર આધારિત હતી કે જો ભારતીય હોવું એ એક સહિયારી ઓળખ છે, તો શાસનની મૂળભૂત વ્યવસ્થાઓ પણ દરેક નાગરિક માટે સમાન હોવી જોઈએ–પછી ભલે તેમનું રાજ્ય, ભાષા કે પૃષ્ઠભૂમિ ગમે તે હોય. પરિણામે, ત્યારપછીનાં વર્ષોમાં આ માનસિકતા શ્રેણીબદ્ધ મોટા માળખાકીય સુધારાઓમાં પરિવર્તિત થવા લાગી.



ભારતની એકતાના

ચાર સ્તંભ

સાંસ્કૃતિક એકતા

ભારતની હજારો વર્ષ જૂની સાંસ્કૃતિક પરંપરાઓ, તીર્થસ્થાનો, તહેવારો, યોગ અને સાંસ્કૃતિક આદાન-પ્રદાન રાષ્ટ્રને એકસૂત્રે બાંધનારી જીવંત ઊર્જા સમાન છે.

ભેદભાવમુક્ત વિકાસ

ગરીબી, અસમાનતા અને ભેદભાવને સામાજિક એકતાના અવરોધક પરિબળો તરીકે ગણીને, દરેક નાગરિક માટે વિકાસ અને પાયાની સુવિધાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી.



ભાષાકીય એકતા

સેંકડો ભાષાઓ અને બોલીઓને ભારતની વિવિધતા તેમજ શક્તિના સ્ત્રોત તરીકે સ્વીકારીને, તમામ ભારતીય ભાષાઓનું સન્માન કરવું અને તેમને પ્રોત્સાહન આપવું.

કનેક્ટિવિટી થકી દિલોનું જોડાણ

માર્ગ, રેલવે, હાઈવે અને હવાઈ નેટવર્ક તેમજ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ભૌગોલિક અંતરો ઘટાડીને લોકો વચ્ચે પરસ્પર સંબંધો અને આત્મીયતા કેળવવી.

વિકાસ અને વિશ્વાસની એકતા: 'એક ભારત'નો પાયો

છેલ્લાં 12 વર્ષોમાં સરદાર પટેલનાં સપનાંઓને સાકાર કરવાની સાથે કેન્દ્ર સરકારે એક એવી સંકલિત વ્યવસ્થાનો પાયો નાખ્યો છે, જ્યાં તમામ નાગરિકો રાજ્યની સીમાઓથી પર થઈને રાષ્ટ્રભાવનાના એક તાંતણે બંધાયેલા છે. દેશવાસીઓ તરફથી ભારત અને સરદાર પટેલના અસાધારણ પ્રદાનને આ એક કર્મમય શ્રદ્ધાંજલિ છે. તેમના વિઝને આપણને શીખવ્યું કે અસંભવ લાગતાં કાર્યો પણ સિદ્ધ થઈ શકે છે. જ્યારે ભારત આઝાદ થયું, ત્યારે શંકાવાદીઓએ તેના વિભાજનની આગાહી કરી હતી, તેમને જરાય આશા નહોતી કે સેંકડો રજવાડાંઓ એક થઈને અખંડ ભારતનું સ્વરૂપ લઈ શકશે. તેમ છતાં સરદાર પટેલે આ કરી બતાવ્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શબ્દોમાં કહીએ તો, આ એટલા માટે શક્ય બન્યું કારણ કે સરદાર પટેલ વ્યવહારમાં વાસ્તવવાદી, સંકલ્પમાં સત્યનિષ્ઠ, કાર્યોમાં માનવતાવાદી અને મિશનમાં રાષ્ટ્રવાદી હતા.

આજે ભાષાઓ પ્રત્યે ભારતનો અભિગમ પણ એકતાના મજબૂત સેતુ તરીકે કામ કરી રહ્યો છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ભારતીય ભાષાઓમાં શિક્ષણ આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે મરાઠી, બંગાળી, અસમિયા, પાલી અને પ્રાકૃતને 'શાસ્ત્રીય ભાષા' નો દરજ્જો આપ્યો છે. ભાષાની જેમ જ દેશભરમાં ચાલી રહેલા કનેક્ટિવિટીના પ્રોજેક્ટ્સ પણ એકતાને મજબૂત બનાવી રહ્યા છે. રેલવે, માર્ગો, હાઈવે અને ઈન્ટરનેટ સહિતના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ગામડાં અને શહેરો વચ્ચેનું અંતર ઘટાડી દીધું છે. જ્યારે કાશ્મીર અને ઉત્તર-પૂર્વના રાજ્યોનાં પાટનગરો રેલવે દ્વારા જોડાય છે, જ્યારે લક્ષદ્વીપ તેમજ આંદામાન અને નિકોબાર ટાપુઓ દરિયાઈ કેબલ મારફતે હાઈ-સ્પીડ ઈન્ટરનેટ સાથે સંકળાય છે, અને જ્યારે પર્વતીય વિસ્તારોના લોકોને મોબાઈલ નેટવર્કની સુવિધા મળે છે, ત્યારે વિકાસની દોડમાં પાછળ રહી જવાનો ડર દૂર થઈ જાય છે. 'સબ કા સાથ, સબ કા વિકાસ' હવે સુશાસનનો મંત્ર બની ચૂક્યો છે. વિકાસ અને વિશ્વાસની આ જ એકતા 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના નિર્માણને વેગ આપે છે.

ચાર સ્તંભો પર ટકેલી ભારતની અખંડિતતા

'વિકસિત ભારત'ના લક્ષ્યને હાંસલ કરવા માટે એકતા એ અનિવાર્ય પાયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતે આ એકતા માટે ચાર મુખ્ય સ્તંભો દર્શાવ્યા છે, જેના પર દેશ સતત કાર્ય કરી રહ્યો છે.

સાંસ્કૃતિક એકતા: એકતાનો પ્રથમ સ્તંભ સાંસ્કૃતિક એકતા છે. ભારતની

એક ભારત - શ્રેષ્ઠ ભારત

સંસ્કૃતિથી રાષ્ટ્રીય એકીકરણ તરફ

શુભારંભ: 31 ઓક્ટોબર 2015


- સરદાર વલ્લભભાઈ પટેલની 140મી જન્મજયંતી નિમિત્તે (રાષ્ટ્રીય એકતા દિવસ) પર શરૂ કરાયેલી આ પહેલનો મુખ્ય ઉદ્દેશ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો વચ્ચે ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને પરંપરાઓના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવાનો હતો.
- સાંસ્કૃતિક પ્રવાસો, ભાષા શિબિરો, વિદ્યાર્થી-શિક્ષક વિનિમય કાર્યક્રમો, ઉત્સવો, ક્વિઝ અને નિબંધ સ્પર્ધાઓના આયોજન માટે રાજ્યોની પરસ્પર જોડી બનાવવામાં આવી. આ પાછળનો વિચાર એ હતો કે દેશના એક ભાગના નાગરિકો માત્ર નકશાઓ દ્વારા નહીં, પરંતુ પ્રત્યક્ષ અનુભવ થકી દેશના બીજા ભાગને ઓળખે.
- સમય જતાં, આ પહેલ એક વ્યાપક વિચારધારામાં પરિવર્તિત થઈ. વિવિધતાને જાળવી રાખીને એકતાને સુદ્રઢ કરવાના વિઝને વ્યવસ્થાઓના એકીકરણનો માર્ગ મોકળો કર્યો.
- ભાષાકીય એકતાને પ્રોત્સાહન આપવા માટે ભારતીય ભાષાઓમાં શિક્ષણ અને ભાષા સંવર્ધન.
- સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ અને કાશી-તમિલ સંગમમ જેવા સાંસ્કૃતિક આયોજનો.
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દ્વારા સાંસ્કૃતિક અને આત્મીય જોડાણ.

કાશી-તમિલ સંગમમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા 2022માં શરૂ કરવામાં આવેલા 'કાશી-તમિલ સંગમમ'એ એક એવા સાંસ્કૃતિક સેતુનો પાયો નાખ્યો, જે અત્યાર સુધીની તેની ચાર આવૃત્તિઓ સાથે વધુ સુદ્રઢ બન્યો છે. તે તમિલનાડુ અને કાશી વચ્ચેના સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક જોડાણ માટેનું એક મહત્વપૂર્ણ મંચ બની રહ્યું છે.

- KTS 1.0 એ સમૃદ્ધ સાંસ્કૃતિક અનુભવ પૂરો પાડ્યો. KTS 2.0 માં વ્યાપક જનભાગીદારી અને થીમેટિક સહભાગિતા જોવા મળી. KTS 3.0 જ્ઞાન-કેન્દ્રિત હતું. KTS 4.0 માં તમિલ ભાષા શીખવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર-તમિલ સંગમમ: સૌરાષ્ટ્ર-તમિલ સંગમમનું આયોજન વર્ષ 2023માં કરવામાં આવ્યું હતું. તે ગુજરાત અને તમિલનાડુ વચ્ચેની સહિયારી સંસ્કૃતિ અને વારસાની અનોખી ઉજવણી સમાન હતું. સૌરાષ્ટ્ર સમુદાયના 3,000થી વધુ તમિલ બંધુઓએ આ 10-દિવસીય મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.



યુવા સંગમ: તેનો 7મો તબક્કો હાલમાં કાર્યરત છે, જે યુવાનોને શૈક્ષણિક પ્રવાસો ખેડવાની ઉત્તમ તક પૂરી પાડે છે.

ભાષા સંગમ: આ એપનો ઉદ્દેશ નાગરિકોને વિવિધ ભારતીય ભાષાઓથી પરિચિત કરાવવાનો અને તેમને તે ભાષાઓ શીખવાની તક આપવાનો છે.

સંસ્કૃતિએ જ બદલાતા રાજકીય સંજોગો વચ્ચે પણ દેશને હજારો વર્ષોથી એક શાશ્વત રાષ્ટ્ર તરીકે અક્ષુણ્ણ રાખ્યો છે. બાર જ્યોતિર્લિંગ, સાત પવિત્ર પુરીઓ, ચાર ધામ, બાવનથી વધુ શક્તિપીઠો અને તીર્થયાત્રાની પરંપરા ભારતને એક જીવંત અને ચેતનવંત રાષ્ટ્ર બનાવતી પ્રાણવાયુ સમાન ઊર્જા છે. આજે 'સૌરાષ્ટ્ર તમિલ સંગમમ' અને 'કાશી તમિલ સંગમમ' જેવા આયોજનો દ્વારા આ પરંપરા વધુ આગળ વધી રહી છે. ભારતનું મહાન યોગ વિજ્ઞાન પણ

વન નેશન, વન ટાઈમ

વિદેશી સેટેલાઇટ-આધારિત સમયના સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટશે

27 ઑગસ્ટ, 2026ના રોજ ગ્રાહક બાબતોના વિભાગે 'લીગલ મેટ્રોલોજી (ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ) રૂલ્સ, 2026' સૂચિત કર્યા છે. આ નિયમો ગેઝેટમાં તેમના પ્રકાશનના 180 દિવસ પછી અમલમાં આવશે. કાનૂની, વહીવટી, વ્યાપારી અને સત્તાવાર હેતુઓ માટે સમગ્ર દેશમાં ભારતીય માનક સમય (IST) એક સમાન સમય સંદર્ભ તરીકે ઉપયોગમાં લેવાશે.

- આ 'વન નેશન, વન ટાઈમ' પહેલ ભારતના ટાઈમ ડિસેમિનેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે વિદેશી સેટેલાઇટ-આધારિત સમય સ્ત્રોતો પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ કરશે.
- એક સમાન સમય સંદર્ભ બેંકિંગ અને ડિજિટલ ચૂકવણીઓ માટે ચોક્કસ ટાઈમ-સ્ટેમ્પિંગ સક્ષમ બનાવશે.
- તે રેલવે, એરપોર્ટ, ટેલિકોમ્યુનિકેશન્સ, ઈન્ટરનેટ અને પાવર સિસ્ટમ્સ વચ્ચે વધુ બહેતર સંકલનની સુવિધા આપશે.
- સરકારી અને કાનૂની રેકોર્ડ્સ તેમજ કટોકટી અને અન્ય સમય-સંવેદનશીલ સેવાઓ સંબંધિત સંકલનમાં પણ સુધારો થશે.



> ***'કાશી તમિલ સંગમમ' અને 'સૌરાષ્ટ્ર તમિલ સંગમમ' પહેલો સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટેનાં જીવંત મંચ બન્યાં છે, જે ભારતની વિવિધતામાં એકતાની ઉજવણી કરવાની સાથે સાથે પરંપરાઓ, ભાષાઓ અને સમુદાયોને એકસૂત્રે જોડે છે.***
>
> ***– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' થકી નવી વૈશ્વિક ઓળખ મેળવી રહ્યું છે, આજે યોગ લોકોને જોડવાનું ઉત્તમ માધ્યમ બની રહ્યો છે.

ભાષાકીય એકતા: એકતાનો બીજો સ્તંભ ભાષાકીય એકતા છે. ભારતની સેંકડો ભાષાઓ અને બોલીઓ તેના ખુલ્લા અને સર્જનાત્મક માનસિક અભિગમનું પ્રતીક છે. અહીં ક્યારેય કોઈ સમાજ, સત્તા કે પંથે ભાષાને હથિયાર બનાવી નથી કે ન તો કોઈ એક ભાષા થોપવાનો પ્રયાસ કર્યો છે. આ જ કારણ છે કે ભારત ભાષાકીય વિવિધતાની દ્રષ્ટિએ આટલો સમૃદ્ધ દેશ બન્યો છે. કોઈ સંગીતમય રચનાના વિવિધ સૂરની જેમ ભારતીય ભાષાઓએ રાષ્ટ્રની ઓળખને સંગીન બનાવી છે. તેથી જ વર્તમાન સરકાર દરેક ભાષાને રાષ્ટ્રભાષા સમાન ગણે છે. ભારત પાસે વિશ્વની સૌથી પ્રાચીન ભાષા તમિલ છે અને સંસ્કૃત જેવો જ્ઞાનનો અખૂટ ભંડાર પણ છે. આજે દરેક ભારતીય ભાષાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે જેથી ભારતનું દરેક બાળક પોતાની માતૃભાષામાં અભ્યાસ કરી શકે. દેશવાસીઓ દેશની અન્ય ભાષાઓ વિશે જાણે અને તેમાંથી શીખે તે માટે પણ પ્રયાસો થઈ રહ્યા છે, જેથી ભાષાઓ રાષ્ટ્રને એકસૂત્રે બાંધનારું માધ્યમ બને.

ભેદભાવમુક્ત વિકાસ: ત્રીજો સ્તંભ ભેદભાવ વિનાનો વિકાસ છે. ગરીબી અને ભેદભાવ સામાજિક તાણાવાણાની સૌથી મોટી નબળાઈઓ છે, અને આક્રમણકારોએ હંમેશાં આ નબળાઈઓનો લાભ ઉઠાવ્યો હતો. આ જ કારણથી સરદાર પટેલ ગરીબી સામે લડવા માટે દેશ માટે એક દીર્ઘકાલીન આયોજન પર કામ કરવા માંગતા હતા. તેમણે એકવાર કહ્યું હતું કે જો ભારતને 1947 કરતાં દસ વર્ષ પહેલાં આઝાદી મળી હોત, તો તે સમય સુધીમાં દેશ અનાજની અછતના સંકટમાંથી મુક્ત થઈ ગયો હોત. આજે કેન્દ્ર સરકાર સરદાર પટેલના આ અપૂર્ણ સંકલ્પોને પૂર્ણ કરવા કાર્યરત છે. છેલ્લાં 12 વર્ષોમાં 25 કરોડ નાગરિકોને ગરીબીમાંથી બહાર લાવવામાં આવ્યા છે. આજે લાખો ગરીબોને પાકાં મકાનો મળી રહ્યાં છે, દરેક ઘર સુધી શુદ્ધ પીવાનું

એક ભારત-શ્રેષ્ઠ ભારતના મુખ્ય પાયા



- ફૂડ ફેસ્ટિવલ્સ : ખાનપાનની પરંપરાઓઃ જોડી બનાવેલાં રાજ્યો વચ્ચે ખાનપાનની સંસ્કૃતિના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવા માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, જેનાથી સહભાગીઓ પોતાના ભાગીદાર રાજ્યની વાનગીઓનો સ્વાદ માણી શકે છે અને ત્યાંની વિશિષ્ટ વાનગીઓ વિશે જાણી શકે છે.

- સાંસ્કૃતિક આદાન-પ્રદાનઃ આ વિષયવસ્તુ હેઠળ, ભારતની સંસ્કૃતિ અને તહેવારોને સમજવા માટે કાર્યક્રમો યોજવામાં આવે છે - જેમાં વિવિધ રાજ્યોમાં તહેવારો કેવી રીતે ઉજવાય છે અને તેમનું શું મહત્વ છે તે સમજાવવામાં આવે છે. આ સાથે પરંપરાગત સ્થાનિક વાનગીઓ અને રસોઈ પદ્ધતિઓનું પણ પ્રદર્શન કરવામાં આવે છે.

- યુવા મહોત્સવઃ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની પસંદગીની સંસ્થાઓ યુવા ઉત્સવોનું આયોજન કરે છે, જેમાં પોતાના તેમજ ભાગીદાર રાજ્યની યુનિવર્સિટીઓ અને કોલેજોને આમંત્રિત કરવામાં આવે છે.

- 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ક્લબ્સઃ દેશભરની શૈક્ષણિક સંસ્થાઓમાં આ પહેલને સમર્પિત ક્લબ્સની સ્થાપના કરવામાં આવી છે. આ ક્લબ્સ અભિયાનના સંદેશનો પ્રસાર કરે છે અને દર મહિને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત દિવસ'ની ઉજવણી કરે છે.

- શૈક્ષણિક આદાન-પ્રદાનઃ શૈક્ષણિક સંસ્થાઓ સંબંધિત વિષયો પર પરિસંવાદોમાં જોડાય છે. આ પ્રવૃત્તિઓમાં સેમિનાર અને વેબિનારનું આયોજન કરવા ઉપરાંત ભાગીદાર રાજ્યોની શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લેવાનો સમાવેશ થાય છે.

- રમતગમત સ્પર્ધાઓઃ યુવાનોમાં ટીમ ભાવના ખીલવવા માટે આ પહેલ હેઠળ રમતગમતની પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે, જેમાં ખાસ કરીને ટીમ રમતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આમાં પરંપરાગત દેશી રમતોને પ્રાથમિકતા આપવામાં આવે છે.

પાણી પહોંચી રહ્યું છે અને નિઃશુલ્ક તબીબી સારવાર પૂરી પાડવામાં આવી રહી છે. ટૂંકમાં, દરેક નાગરિક માટે ગરિમાપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવું એ આજે દેશનું મિશન અને વિઝન બંને છે. ભેદભાવ અને ભ્રષ્ટાચાર મુક્ત નીતિઓ રાષ્ટ્રીય એકતાને મજબૂત કરી રહી છે.

કનેક્ટિવિટી થકી દિલોનું જોડાણઃ રાષ્ટ્રીય એકતાનો ચોથો સ્તંભ કનેક્ટિવિટી દ્વારા લોકોનાં દિલોનું જોડાણ છે. આજે દેશભરમાં વિક્રમી ઝડપે હાઈવે અને એક્સપ્રેસવેનું નિર્માણ થઈ રહ્યું છે. 'વંદે ભારત' અને 'નમો ભારત' જેવી ટ્રેનો ભારતીય રેલવેમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી રહી છે. નાનાં

પ્રવાસન આદાન-પ્રદાનઃ તેનો ઉદ્દેશ્ય ભાગીદાર રાજ્યોના મુખ્ય પ્રવાસન સ્થળો અને આકર્ષણો વિશે માહિતી અને સમજ મેળવવાનો છે. પ્રવૃત્તિઓમાં સ્મારકો અને પ્રવાસન સ્થળો વિશે માહિતીનો પ્રસાર કરવો, ટૂર ઓપરેટરો માટે રોડ-શો યોજવા અને હોમસ્ટેને પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

- પુસ્તકોનો અનુવાદઃ ભાગીદાર રાજ્યોના સાહિત્યો અને અન્ય માહિતીને સરળતાથી સમજી શકાય તે માટે ત્યાંનાં પુસ્તકો અને પ્રવાસન પુસ્તિકાઓનો અનુવાદ કરવામાં આવે છે.
- ભાગીદાર રાજ્યની ભાષા શીખવીઃ 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો ઉદ્દેશ્ય લોકોને ભાગીદાર રાજ્યોની ભાષાઓથી પરિચિત કરાવવાનો છે, જેથી સ્થાનિક વસ્તી સાથે પ્રાથમિક વાતચીત શક્ય બની શકે. નાગરિકો પોતાની માતૃભાષા સિવાયની અન્ય ભારતીય ભાષાઓ શીખે તે માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- સમાન અર્થ ધરાવતી કહેવતો શીખવવામાં આવે છે, ગીતોનો અનુવાદ કરવામાં આવે છે, અને દરરોજ એક વાક્યનું 22 ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવે છે.
- પ્રવાસો અને શિબિરોઃ ભાગીદાર રાજ્યોમાં પ્રવાસો અને શિબિરોનું આયોજન કરવામાં આવે છે.
- ઉત્સવો અને ઉજવણીઓઃ વિવિધ મહોત્સવોનું આયોજન કરવામાં આવે છે અને તેમાં ભાગ લેવા માટે ભાગીદાર રાજ્યોને આમંત્રિત કરવામાં આવે છે.



રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો હવે દરેક રાજ્યને આવરી લે છે

એકતા માટે નવીન પહેલ

- સ્થળમાં ઐતિહાસિક પરિવર્તનઃ અગાઉ માત્ર દિલ્હી પૂરતા સીમિત રહેલા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહને દેશનાં પ્રમુખ પ્રવાસન સ્થળો સુધી લઈ જવાની એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે.
- ગુજરાતના કેવડિયાથી પ્રારંભઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 22 સપ્ટેમ્બર 2026ના રોજ ગુજરાતના કેવડિયા ખાતે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'થી આ પહેલનો શુભારંભ કરાવ્યો હતો.
- 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો સંદેશઃ આધુનિક ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાના સાનિધ્યમાં સિનેમાની શ્રેષ્ઠતા અને વિવિધતાનું સન્માન કરવું એ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને ચરિતાર્થ કરે છે.
- ઈવેન્ટના યજમાનપદ માટે રાજ્યોને આમંત્રણઃ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યોને તેમનાં અગ્રણી પ્રવાસન સ્થળોએ આ કાર્યક્રમનું આયોજન કરવા માટે પ્રસ્તાવો રજૂ કરવા અપીલ કરી છે, આગામી પુરસ્કાર સમારોહ પસંદ કરાયેલા રાજ્યમાં યોજવામાં આવશે.
- પ્રવાસન અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહનઃ કળા, સંસ્કૃતિ અને પ્રવાસનનો આ ત્રિવેણી સંગમ માત્ર પ્રાદેશિક વિકાસ અને પર્યટનને જ વેગ નહીં આપે, પરંતુ રાષ્ટ્રને એકતાના તાંતણે પણ બાંધશે.

શહેરોને પણ હવે હવાઈ મથકોથી જોડવામાં આવી રહ્યાં છે. આ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારત પ્રત્યેના વૈશ્વિક દ્રષ્ટિકોણને સંપૂર્ણપણે બદલી રહ્યું છે. તેણે ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમ સુધી દેશનાં ભૌગોલિક અંતરો મિટાવી દીધાં છે. લોકો-લોકો વચ્ચેના સંપર્ક અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનનો નવો યુગ રાષ્ટ્રીય એકતાને વધુ બળ આપી રહ્યો છે. છેલ્લાં 12 વર્ષમાં ભારતે જે ડિજિટલ ક્રાંતિ જોઈ છે તેણે આ એકતાને વધુ ગાઢ બનાવી છે.

એક રાષ્ટ્ર, એક કર

આર્થિક સંકલનનો નવો યુગ



એક રાષ્ટ્ર, એક કર – જીએસટી

શુભારંભઃ જુલાઈ 1, 2017



- ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી)એ 30 જેટલા કરવેરા અને સેસ - ઉપકરને એક જ સિંગલ ટેક્સ વ્યવસ્થા હેઠળ સંકલિત કર્યા.
- તેનો ઉદ્દેશ્ય રાજ્યોની અલગ-અલગ કર સીમાઓને કારણે ઊભી થતી જટિલતાઓને ઘટાડવાનો અને ભારતને એક સંકલિત બજાર તરફ આગળ ધપાવવાનો હતો. આનાથી વિવિધ રાજ્યોમાં વેપાર અને અન્ય કરવેરા સંબંધિત બાબતોની સમજ વધુ સરળ બની.
- કેન્દ્ર અને રાજ્યોને એક મંચ પર લાવતી 'જીએસટી કાઉન્સિલ' આ સમગ્ર વ્યવસ્થાનું એક અત્યંત મહત્વપૂર્ણ ઘટક બની.
- સુધારાઓની આગામી પેઢી સમાન 'જીએસટી 2.0' હેઠળ, કરના દરોને મુખ્યત્વે 5% અને 18%ના સ્લેબમાં પુનર્ગઠિત કરવામાં આવ્યા.
- કરદાતાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો

2026 **1.65** કરોડ

2017 **66.5** લાખ

એકતાનો તાંતણોઃ

નવ વર્ષથી વધુ સમયગાળામાં જીએસટીએ ભારતના 'એક ભારત - શ્રેષ્ઠ ભારત'ના વિઝનને વધુ સુદ્રઢ બનાવ્યું છે. તેણે 17 વિવિધ કરવેરા અને 13 સેસને એક સમાન માળખામાં સંકલિત કર્યા છે.

એક રાષ્ટ્ર, એક ફાસ્ટેગ

શુભારંભઃ સંકલિત કરવા માટે 2019માં આ પહેલ શરૂ કરવામાં આવી હતી, ફેબ્રુઆરી 2021 સુધીમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના તમામ ટોલ પ્લાઝા લેન ફાસ્ટેગ લેન તરીકે ડેઝિગ્નેટ કરવામાં આવ્યા હતા.

- દેશભરના ધોરીમાર્ગો પર મુસાફરી અડચણમુક્ત અને ઝડપી બની છે, ટોલ પ્લાઝા પર વાહનોની લાઈનો ઘટી છે અને ઈંધણની બચત થઈ છે.
- ખાનગી કાર, જીપ અને વાન માટે 15 ઑગસ્ટ, 2025ના રોજ રૂ. 3,075ના ખર્ચે વાર્ષિક પાસની સુવિધા શરૂ કરવામાં આવી હતી. આ પાસ એક વર્ષ માટે અથવા ટોલ પ્લાઝા પરથી 200 ફેરા માટે માન્ય છે.
- હવે 'વનટેગ'ની સુવિધા રજૂ કરવામાં આવી છે, જે ફાસ્ટેગ પોર્ટેબિલિટી પ્રદાન કરે છે. આનાથી યુઝર્સ વાહન પર લગાવેલું હાલનું ફાસ્ટેગ બદલ્યા વગર જ સર્વિસ પ્રોવાઈડર બદલી શકે છે, જે ફાસ્ટેગ વપરાશકર્તાઓને વધુ સુવિધા અને પસંદગીની તક આપે છે.

98%

થી વધુ સ્વીકૃતિ અને આશરે 13 કરોડ વપરાશકર્તાઓ સાથે, ફાસ્ટેગે દેશમાં ઇલેક્ટ્રોનિક ટોલ વસૂલાત વ્યવસ્થાનો સંપૂર્ણ કાયાકલ્પ કર્યો છે.



એકતાનો તાંતણોઃ

તમે એક જ ફાસ્ટેગનો ઉપયોગ કરીને સમગ્ર દેશમાં ટોલ ચૂકવી શકો છો. તેનો ઉપયોગ ઘણા સ્થળોએ પાર્કિંગની ચૂકવણી માટે પણ થઈ શકે છે. જુદા જુદા રાજ્યોમાં અલગ-અલગ ટોલ ભરવાની જરૂરિયાત હવે નાબૂદ થઈ છે, જેનાથી ટોલ શુલ્કમાં દેશવ્યાપી એકરૂપતા સુનિશ્ચિત થઈ છે.

જ્યારે દેશે વેપાર-વાણિજ્યની એક જ ભાષા બોલી

જીએસટી આ પરિવર્તનનું સૌથી મોટું અને વ્યાપક ચર્ચાસ્પદ ઉદાહરણ છે. દાયકાઓ સુધી ભારતમાં એક વિભાજિત કર વ્યવસ્થા હતી, જ્યાં દરેક રાજ્ય પોતાની અલગ વ્યવસ્થા હેઠળ કામ કરતું હતું. રાજ્યની સરહદો ઓળંગતી વખતે ટ્રકોને કલાકો સુધી ચેક-પોસ્ટો પર રાહ જોવી પડતી, જ્યારે કરના અલગ-અલગ સ્લેબ અને વહીવટી લાલફીતાશાહી સામાન્ય બાબત

> ***એકતાનો અભાવ નવા સંકટોને જન્મ આપે છે, જ્યારે સૌનો સામુહિક પ્રયાસ રાષ્ટ્રને નવી ઊંચાઈઓ પર લઈ જાય છે. સબકા પ્રયાસની વિભાવના - જે સ્વતંત્ર ભારતના નિર્માણ સમયે પ્રાસંગિક હતી - તે આઝાદીના આ 'અમૃતકાળ'માં વધુ નિર્ણાયક બની રહે છે.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***



હતી. સરહદ ઓળંગતાં જ એક જ ચીજવસ્તુના ભાવ બદલાઈ જતા અને વેપારીઓ પર દરેક રાજ્ય માટે અલગ ખાતાવહી રાખવાનો બોજ રહેતો. નાના દુકાનદારોથી લઈને મોટા ઉદ્યોગપતિઓ સુધી દરેક વ્યક્તિ આ ગૂંચવણભરી વ્યવસ્થાથી પરેશાન હતી.

બંધારણના 101મા સુધારા બાદ, 1 જુલાઈ 2017ના રોજ આ સમગ્ર ચિત્ર બદલાઈ ગયું. "વન નેશન, વન ટેક્સ" ના વિઝન હેઠળ અમલમાં આવેલા જીએસટી એ એક્સાઈઝ ડ્યુટી, સર્વિસ ટેક્સ, વેટ અને ઓક્ટ્રોય જેવા ડઝનબંધ પરોક્ષ કરવેરાઓને એક સંકલિત વ્યવસ્થામાં સમાવી લીધા. હવે માત્ર એક જીએસટી નંબર, એકીકૃત ઓનલાઈન રિટર્ન પ્રક્રિયા અને સુવ્યવસ્થિત કર વ્યવસ્થાના જોરે વેપારીઓ કોઈપણ અડચણ વગર દેશના કોઈપણ ખૂણે સામાન મોકલી શકે છે. આનાથી માત્ર વેપાર કરવાની સરળતા જ નથી વધી, પણ ભારત ખરા અર્થમાં એક સંકલિત બજારમાં પરિવર્તિત થયું છે. જીએસટી કાઉન્સિલ, જે નિર્ણયો લેવા માટે કેન્દ્ર અને રાજ્યોને એક મંચ પર લાવે છે, તેણે આ પરિવર્તનને "સહકારી સંઘવાદ" નું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ બનાવી દીધું, અહીં એક જ પ્લેટફોર્મ પર તમામ રાજ્યોનો અવાજ સાંભળવામાં આવે છે અને ટેક્સના દરોથી માંડીને મુક્તિ સુધીનો દરેક નિર્ણય સર્વસંમતિથી લેવાય છે.

પેન્શનની વિસંગતતાઓનું નિવારણ: એક સમાન વ્યવસ્થાની સ્થાપના

દાયકાઓથી દેશના ભૂતપૂર્વ સૈનિકો એક ચોક્કસ માંગણી કરી રહ્યા હતા: "વન રેન્ક, વન પેન્શન" - એટલે કે સમાન પદ અને સમાન સેવા-સમયગાળા માટે સમાન પેન્શન. અગાઉ, દેશની સરહદોનું રક્ષણ કરતી વખતે સમાન સેવા આપી હોવા છતાં અને સમાન જોખમોનો સામનો કર્યો હોવા છતાં, વહેલા નિવૃત્ત થનાર સૈનિકને વર્ષો પછી એ જ રેન્ક પર નિવૃત્ત થનાર સૈનિક કરતાં ઓછું પેન્શન મળતું હતું. આ વિસંગતતા ભૂતપૂર્વ સૈનિકો માટે દાયકાઓ સુધી ભારે અસંતોષનું કારણ બની રહી, જેના કારણે અસંખ્ય મોટા આંદોલનો થયાં. 2014 પહેલાંના સમયગાળામાં તો ભૂતપૂર્વ સૈનિકોએ પોતાના મેડલ પાછા આપવા જેવા વિરોધ પ્રદર્શનો પણ કર્યા હતા.

જ્યારે 2014માં કેન્દ્રમાં નવી સરકાર આવી, ત્યારે તેણે આ લાંબા સમયથી પડતર માંગણી સ્વીકારી અને વર્ષ 2015માં 'વન રેન્ક, વન પેન્શન' યોજના લાગુ કરી. તેનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હતો કે સમાન હોદ્દો અને સમાન કાર્યકાળ ધરાવતા તમામ ભૂતપૂર્વ સૈનિકોને તેઓ ગમે તે વર્ષે નિવૃત્ત થયા હોય તો પણ સમાન પેન્શન મળે. કોઈ સુબેદાર 1985માં નિવૃત્ત થયા હોય કે 2010માં, તેમનું પેન્શન હવે એક જ ધોરણના આધારે નક્કી થાય છે. સૈન્ય પરિવારોમાં લાંબા સમયથી ચર્ચાનો વિષય બનેલી આ વિસંગતતા આખરે ઉકેલાઈ ગઈ. આ નવી સંકલિત વ્યવસ્થા થકી દેશે સ્પષ્ટ સંદેશ આપ્યો કે તેમની સેવાનું મૂલ્યાંકન હવે અલગ-અલગ ત્રાજવે તોલવામાં નહીં આવે.

સામાજિક કલ્યાણ

એક સંકલિત સુરક્ષા કવચ

વન નેશન, વન રાશન કાર્ડ

શુભારંભ: 2019

81 કરોડથી વધુ લાભાર્થીઓને વિનામૂલ્યે રાશનનું વિતરણ કરાયું

- સ્થળાંતરિત શ્રમિકો અને પોતાના મૂળ વતન સિવાય અન્ય સ્થળોએ કામ કરતા લાભાર્થીઓ માટે રાશનની સુવિધા પોર્ટેબલ બને તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.
- હવે લાભાર્થીઓ નવું રાશન કાર્ડ બનાવ્યા વગર દેશમાં ગમે ત્યાંથી પોતાના હકનું રાશન મેળવી શકે છે.
- આધાર-લિંક્ડ ઓળખ અને વાજબી ભાવની દુકાનો પર ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ (ePoS) મશીનોના ઉપયોગે આ પોર્ટેબિલિટીને શક્ય બનાવી છે.



એકતાનો તાંતણો:
નાગરિક જ્યાં પણ કામ કરતો હોય, તેના ભોજનનો અધિકાર ત્યાં સુધી પહોંચવો જોઈએ.

એક રેન્ક, એક પેન્શન (OROP)

શુભારંભ: 2015



- સમાન હોદ્દો ધરાવતા અને સમાન સેવા-સમયગાળો પૂર્ણ કરનારા પૂર્વ સૈનિકોને એકસમાન પેન્શન આપતી વ્યવસ્થા.
- અલગ-અલગ સમયે નિવૃત્ત થયેલા સમાન રેન્કના સૈનિકો વચ્ચે પેન્શન સંબંધિત અસમાનતાઓ દૂર કરવાનો ઉદ્દેશ્ય હતો.
- 25 લાખથી વધુ પૂર્વ સૈનિકો અને તેમના પરિવારો લાભાન્વિત થયા છે.

એકતાનો તાંતણો: પેન્શન વ્યવસ્થામાં સમાનતાની ભાવના અને દેશની સેવા કરનારા જવાનો પ્રત્યે સન્માન.

‘વન નેશન, વન હેલ્થ ઇન્સ્યોરન્સ’ તરફ ઐતિહાસિક પગલું

સમાજના આર્થિક રીતે નબળા અને વંચિત એવા તળિયાના 40% પરિવારોને સેકન્ડરી અને ટર્શરી હોસ્પિટલાઇઝેશન માટે પ્રતિ પરિવાર વાર્ષિક ₹. 5 લાખનું મફત આરોગ્ય કવચ પૂરું પાડવામાં આવે છે.

- સપ્ટેમ્બર 2018માં આ યોજનાના પ્રારંભથી લઈને 12 ઑગસ્ટ 2026 સુધી...

48.57 **કરોડથી વધુ આયુષ્માન કાર્ડ ઈસ્યુ કરાયા.**



એક રાષ્ટ્ર, એક કાયદો, એક બંધારણ

એકીકરણની આ યાત્રાનો સૌથી ઐતિહાસિક અધ્યાય 5 ઓગસ્ટ 2019ના રોજ લખાયો હતો. દાયકાઓ સુધી જમ્મુ અને કાશ્મીરને કલમ 370 હેઠળ વિશેષ બંધારણીય દરજ્જો મળેલો હતો, પરિણામે ભારતીય બંધારણની ઘણી જોગવાઈઓ ત્યાં સંપૂર્ણપણે લાગુ થતી નહોતી અને દેશના અન્ય ભાગોમાં લોકોને મળતા કેટલાક અધિકારો ત્યાંના રહેવાસીઓને મળતા નહોતા. વધુમાં,


13+
કરોડ

થી વધુ હોસ્પિટલ એડમિશન્સ અને લાભાર્થીઓના રૂ. 2 લાખ કરોડથી વધુની બચત.

- વિવિધ રાજ્યોની હોસ્પિટલોમાં 29.05 લાખથી વધુ દર્દીઓ માટે સારવાર મંજૂર કરવામાં આવી છે, જેમાં કુલ રકમ રૂ. 8,800 કરોડથી વધુ થાય છે.
- 'આયુષ્માન ભારત વય વંદના યોજના' હેઠળ 1.20 કરોડ વરિષ્ઠ નાગરિકોની નોંધણી કરવામાં આવી છે.

એકતાનો તાંતણો:

સ્વસ્થ ભારત એ વિકસિત ભારતનો પાયો છે. આ લક્ષ્ય સિદ્ધ કરવા માટે દેશના તમામ નાગરિકોને એકસમાન આરોગ્ય સેવાઓ અને લાભો ઉપલબ્ધ થવા અનિવાર્ય છે.



(22 સપ્ટેમ્બર 2026 સુધીના આંકડા)



વન નેશન, વન હેલ્થ રેકોર્ડ

નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA)ની આગેવાની હેઠળના 'આયુષ્માન ભારત ડિજિટલ મિશન' (ABDM) અંતર્ગત 'એક નાગરિક, એક ડિજિટલ હેલ્થ રેકોર્ડ'ના લક્ષ્ય તરફ નોંધપાત્ર પ્રગતિ થઈ છે. આ પહેલનો ઉદ્દેશ્ય દેશના પ્રત્યેક નાગરિક માટે સુરક્ષિત, પેપરલેસ અને સંકલિત ડિજિટલ આરોગ્ય રેકોર્ડ્સ બનાવવાનો છે.

મુખ્ય સિદ્ધિઓ અને આંકડા

- **આભા આઈડીનું સર્જન:** દરેક નાગરિકને વિશિષ્ટ 14-અંકની ઓળખ પૂરી પાડવા માટે 96 કરોડથી વધુ આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ્સ (ABHA) બનાવવામાં આવ્યા છે.
- **ડિજિટલ હેલ્થ રેકોર્ડ લિન્કેજ:** 110 કરોડથી વધુ હેલ્થ રેકોર્ડ્સ (જેમ કે લેબ રિપોર્ટ્સ, પ્રિસ્ક્રિપ્શન્સ, રસીકરણની વિગતો, હોસ્પિટલ ડિસ્ચાર્જ સમરી વગેરે) આભા એકાઉન્ટ્સ સાથે લિંક કરવામાં આવ્યા છે.
- **સંમતિ-આધારિત શેરિંગ:** આ સુવિધા દર્દીઓને તેમની પોતાની સંમતિથી દેશમાં ગમે ત્યાં ડૉક્ટરો સાથે તેમના ભૂતકાળના હેલ્થ રેકોર્ડ્સ શેર કરવા સક્ષમ બનાવે છે, જેનાથી બિનજરૂરી ટેસ્ટ કરાવવાની જરૂરિયાત અને કાગળની ફાઈલો સાચવવાની ઝંઝટમાંથી મુક્તિ મળે છે.

એકતાનો તાંતણો: દેશમાં ગમે ત્યાં સારવાર મેળવો, તમારા હેલ્થ રેકોર્ડ્સ ડિજિટલી ઉપલબ્ધ રહેશે. માત્ર એક ક્લિકથી જ આરોગ્ય સંબંધિત તમામ રેકોર્ડ્સ મેળવી શકાય છે.

અન્ય રાજ્યોના નાગરિકોને ત્યાં મિલકતના એવા અધિકારો નહોતા મળતા જે દેશમાં બીજે બધે સામાન્ય હતા. આ દીર્ઘકાલીન પડકારનો ઉકેલ લાવતાં ભારતીય સંસદે 5 ઓગસ્ટ 2019ના રોજ કલમ 370 નાબૂદ કરી અને તે સાથે જ "એક રાષ્ટ્ર, એક કાયદો, એક બંધારણ"ની મૂળ ભાવના પુનઃસ્થાપિત કરી. સુપ્રીમ કોર્ટે પણ બાદમાં આ ઐતિહાસિક નિર્ણયને માન્ય રાખ્યો હતો.

આઝાદીના સાત દાયકા બાદ "એક રાષ્ટ્ર, એક બંધારણ"નો દેશનો સંકલ્પ

શિક્ષણ-પરીક્ષા-ભરતી

યુવા સામર્થ્યની સંકલિત શક્તિ





વન નેશન, વન એક્ઝામ (NTA)

પ્રારંભ: 2017માં શરૂઆત; 2026 માટે ફેરફારોનું આયોજન

- નેશનલ ટેસ્ટિંગ એજન્સીની સ્થાપનાએ એકીકૃત, ટેકનોલોજી આધારિત વ્યવસ્થા દ્વારા રાષ્ટ્રીય સ્તરની પ્રવેશ પરીક્ષાઓ યોજવાનો માર્ગ મોકળો કર્યો.
- મેડિકલ પ્રવેશ માટે 'નીટ'ને એકમાત્ર રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષા તરીકે નિયુક્ત કરવામાં આવી.
- NTA દ્વારા સંચાલિત પરીક્ષાઓ સહિતની તમામ જાહેર પરીક્ષાઓનું સુરક્ષિત અને કાર્યક્ષમ સંચાલન સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાંની ભલામણ કરવા કેન્દ્ર સરકારે નંદન નિલેકણીના અધ્યક્ષપદે એક ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની રચના કરી છે. આ ટાસ્ક ફોર્સે તમામ હિતધારકો પાસેથી સૂચનો મંગાવ્યા છે.

માર્ગદર્શક સિદ્ધાંત:

કોઈપણ વિદ્યાર્થીની સંભાવનાઓનું નિર્ધારણ તેના રાજ્ય કે શિક્ષણ બોર્ડની મર્યાદાઓથી પર રહીને, રાષ્ટ્રીય પરીક્ષા મંચ પર થવું જોઈએ.

વન નેશન, વન રિક્રૂટમેન્ટ

નેશનલ રિક્રૂટમેન્ટ એજન્સી (NRA)ની સ્થાપના - જેને કેન્દ્રીય મંત્રીમંડળે ઑગસ્ટ 2020માં મંજૂરી આપી હતી - તે "વન નેશન, વન રિક્રૂટમેન્ટ"ના વિઝન તરફનું એક નોંધપાત્ર પગલું છે.

- નેશનલ રિક્રૂટમેન્ટ એજન્સીની રચના: કેન્દ્ર સરકારે કેન્દ્ર સરકારના વિભાગો, મંત્રાલયો અને જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં બિન-ગેઝેટેડ જગ્યાઓ (ગ્રુપ બી અને સી) માટે પ્રારંભિક સ્ક્રીનિંગ હાથ ધરવા એક સ્વાયત્ત સંસ્થા તરીકે NRAની રચનાને મંજૂરી આપી.
- મુખ્ય ભરતી એજન્સીઓનું સંકલન: તેના પ્રારંભિક તબક્કામાં, કોમન એલિજિબિલિટી ટેસ્ટ (CET) એ ત્રણ મુખ્ય ભરતી એજન્સીઓની પ્રારંભિક પરીક્ષાઓનું સ્થાન લીધું: સ્ટાફ સિલેક્શન કમિશન (SSC), રેલ્વે રિક્રૂટમેન્ટ બોર્ડ્સ (RRB), અને ઈન્સ્ટિટ્યુટ ઓફ બેંકિંગ પર્સનલ સિલેક્શન (IBPS).

વન નેશન, વન સબસ્ક્રિપ્શન (ONOS)

તાજેતરમાં શરૂ કરાયેલી પહેલ

- એક રાષ્ટ્રીય સબસ્ક્રિપ્શન મોડેલ દ્વારા દેશભરની સરકારી શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સંશોધકોને અગ્રણી આંતરરાષ્ટ્રીય સંશોધન જર્નલોની સુલભતા પૂરી પાડવા માટે રચાયેલ વ્યવસ્થા.
- આ યોજના માટે ત્રણ વર્ષના સમયગાળામાં ₹.6,000 કરોડની બજેટ જોગવાઈ ફાળવવામાં આવી છે.

માર્ગદર્શક સિદ્ધાંત:

જ્ઞાનની સુલભતા કોઈપણ સંસ્થાની આર્થિક ક્ષમતા કે ભૌગોલિક સ્થિતિની મર્યાદાઓમાં સીમિત ન હોવી જોઈએ.



પૂર્ણ થયો - એક કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી સરદાર પટેલને આ સૌથી મોટી શ્રદ્ધાંજલિ હતી. 70 વર્ષ સુધી બાબાસાહેબ આંબેડકરનું બંધારણ સમગ્ર દેશમાં સંપૂર્ણપણે લાગુ નહોતું થયું. તાજેતરની વિધાનસભા ચૂંટણીમાં ત્યાં પ્રથમવાર ભેદભાવ વિના મતદાન થયું હતું. આઝાદીના 75 વર્ષ પછી પહેલીવાર જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રીએ ભારતના બંધારણ પ્રત્યે વફાદારીના શપથ લીધા. હવે કાશ્મીરથી કન્યાકુમારી સુધી સમગ્ર દેશમાં એક જ બંધારણ, સમાન

બંધારણીય વ્યવસ્થાઓ

વહીવટી એકીકરણ

એક રાષ્ટ્ર, એક બંધારણ

કલમ 370માંથી મુક્તિ

નિર્ણાયક પરિવર્તન: 5 ઑગસ્ટ, 2019



- જમ્મુ અને કાશ્મીર સંબંધિત બંધારણીય જોગવાઈઓમાં કરવામાં આવેલા ફેરફારો બાદ 'એક રાષ્ટ્ર, એક બંધારણ'ની વિભાવનાને એક નવો આયામ મળ્યો.
- જમ્મુ-કાશ્મીર અને લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશો તરીકે પુનર્ગઠિત કરવામાં આવ્યા, જેનાથી કેન્દ્રીય કાયદાઓ અને વહીવટી વ્યવસ્થાઓના અમલીકરણના માળખામાં મૂળભૂત પરિવર્તન આવ્યું.

એકતાનો તાંતણો:

'એક રાષ્ટ્ર, એક કાયદો, એક બંધારણ'નું સ્વપ્ન સાકાર થયું. નાગરિક અધિકારો અને બંધારણીય જોગવાઈઓને એક સમાન રાષ્ટ્રીય માળખા સાથે સુસંગત કરવામાં આવ્યા.

વન નેશન, વન ઈલેક્શન

સૂચિત વ્યવસ્થા

ખરડોઃ ડિસેમ્બર 2024

- લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવાની વિભાવના.
- સપ્ટેમ્બર 2023માં પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અધ્યક્ષપદે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી.
- તેની ભલામણોના આધારે, ડિસેમ્બર 2024માં સંબંધિત બંધારણીય સુધારો વિધેયક લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો.

વર્તમાન સ્થિતિ: તે હજુ સુધી કાયદો બન્યો નથી; આ વિધેયક સંયુક્ત સંસદીય સમિતિ સમક્ષ વિચારણા હેઠળ છે.

એકતાનો તાંતણો: સમગ્ર દેશમાં લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજાય તે રીતે ચૂંટણી ચક્રને સુમેળ કરવાનો એક પ્રસ્તાવ. તેનો ઉદ્દેશ્ય ચૂંટણી ખર્ચમાં ઘટાડો કરવાનો અને આદર્શ આચારસંહિતાના વારંવાર અમલને કારણે વિકાસ કાર્યોમાં આવતા અવરોધોને રોકવાનો છે.

વન નેશન, વન સિવિલ કોડ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી જણાવ્યું હતું કે આપણે હાલમાં જે સિવિલ કોડ હેઠળ જીવી રહ્યા છીએ તે વાસ્તવમાં ભેદભાવપૂર્ણ છે.

- બંધારણની મૂળ ભાવના અને સુપ્રીમ કોર્ટ પણ આ પગલાની હિમાયત કરે છે. બંધારણના ઘડવૈયાઓએ જોયેલા આ સ્વપ્નને સાકાર કરવું એ સૌની સામૂહિક જવાબદારી છે.
- આ ગંભીર વિષય પર રાષ્ટ્રવ્યાપી વ્યાપક ચર્ચા થવી જોઈએ. એક ધર્મનિરપેક્ષ નાગરિક સંહિતાની અત્યંત તાતી જરૂરિયાત છે; આપણે તેના અમલીકરણ તરફ આગળ વધવું જ પડશે.

એકતાનો તાંતણો:

એક ધર્મનિરપેક્ષ નાગરિક સંહિતા દેશને ધર્મના આધારે થતા ભેદભાવમાંથી મુક્ત કરશે અને સામાન્ય નાગરિકોમાં પ્રવર્તતી પરાયાપણાની ભાવનાને દૂર કરશે. આનાથી એકતાની ભાવના અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો સંકલ્પ વધુ સુદૃઢ બનશે.

કાયદાકીય માળખું અને નાગરિકો માટે સમાન અધિકારો છે.

વળી, છેલ્લાં 12 વર્ષોમાં ભારતે રાષ્ટ્રીય એકતા માટે ખતરો બનેલા અનેક પ્રશ્નોનો ઉકેલ આણ્યો છે. આજે આતંકવાદના આકાઓ જાણે છે કે જો તેઓ ભારતને નુકસાન પહોંચાડશે તો દેશ તેમને છોડશે નહીં. પૂર્વોત્તરમાં શાંતિ અને સમૃદ્ધિના માર્ગમાં ઘણા અવરોધો હતા, છતાં સંવાદ, વિકાસ અને વિશ્વાસના માધ્યમથી અલગતાવાદની આગને ઓલવી

રસ્તા, રેલ અને ડિજિટલ કનેક્ટિવિટી

અંતર દૂર કરવાથી માંડીને સંવાદિતા સાધવા સુધી



વન નેશન, વન આઇડેન્ટિટી - આધાર

- આ બાયોમેટ્રિક અને ડેમોગ્રાફિક ડેટા આધારિત ડિજિટલ ઓળખ પૂરી પાડતી વિશ્વની સૌથી મોટી ડિજિટલ આઈડેન્ટિટી સિસ્ટમ છે.
- યુપીઆઈ, ડિજીલોકર, ઉમંગ એપ અને ઈ-સાઈન સહિતની અસંખ્ય રાષ્ટ્રીય સેવાઓ આ ડિજિટલ ઓળખ સાથે જોડાયેલી છે.

144 **કરોડથી વધુ આધાર (વન નેશન, વન આઈડેન્ટિટી) નંબર ઈસ્યુ કરાયા.**

વન નેશન - વન ગેસ ગ્રીડ

- 'વન નેશન - વન ગેસ ગ્રીડ'નો ઉદ્દેશ્ય પ્રત્યેક ઘર સુધી એલપીજી અને વાહનો માટે સીએનજીની અવિરત કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે.
- 2014 પહેલાંના 27 વર્ષોમાં માત્ર 15,000 કિલોમીટર ગેસ પાઈપલાઈન પાથરવામાં આવી હતી.
- દેશભરમાં આશરે 34,233 કિલોમીટર પાઈપલાઈન બિછાવવા માટે સંસ્થાઓને અધિકૃત કરવામાં આવી છે; જેમાંથી જૂન 2025 સુધીમાં 25,429 કિલોમીટર પાઈપલાઈન કાર્યરત થઈ ચૂકી હતી.
- ગેસની સુલભતા અને જોડાણોમાં થયેલા વધારાને પરિણામે અનેક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો કેરોસીન-મુક્ત બન્યા છે.



વન નેશન, વન પાવર ગ્રીડ

- ફેબ્રુઆરી 2019માં લેહ-લદ્દાખના જોડાણ સાથે 'વન નેશન, વન પાવર ગ્રીડ, વન ફ્રિક્વન્સી'નું મિશન પૂર્ણ થયું.
- તે એક જ ફ્રિક્વન્સી પર કાર્યરત વિશ્વનું સૌથી મોટું પાવર ગ્રીડ છે. આશરે 1.70 લાખ સર્કિટ-કિલોમીટર ટ્રાન્સમિશન લાઈન ઉભેરવામાં આવી છે.

1.12 **લાખ મેગાવોટ વીજ વહન ક્ષમતા વિકસાવવામાં આવી છે.**

દેશના પ્રત્યેક ભાગમાં પર્યાપ્ત અને અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવી રહ્યો છે, અને વીજ ટ્રાન્સમિશનના નુકસાનમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

વન નેશન, વન મોબિલિટી કાર્ડ

નેશનલ કોમન મોબિલિટી કાર્ડ (NCMC) દેશભરના મેટ્રો નેટવર્ક, બસ, કેબ, મોનોરેલ અને તમામ શહેરી રેલવે નેટવર્કમાં ઉપયોગ માટે લાગુ કરવામાં આવી રહ્યું છે.

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ચ 2019માં પરિવહન ગતિશીલતા માટે 'વન નેશન, વન કાર્ડ' પહેલની શરૂઆત કરી હતી. નેશનલ કોમન મોબિલિટી કાર્ડ પર આધારિત સ્વદેશી ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ એ ભારતમાં આ પ્રકારની પ્રથમ વ્યવસ્થા છે.
- ગ્રાહકો મેટ્રો, બસ, સબર્બન રેલવે, ટોલ, પાર્કિંગ, સ્માર્ટ સિટી સેવાઓ અને રિટેલ ખરીદી સહિત તમામ ક્ષેત્રોમાં પેમેન્ટ માટે આ એક જ કાર્ડનો ઉપયોગ કરી શકે છે.

દેવામાં આવી. બોડો કરારે આસામમાં 50 વર્ષ જૂના વિવાદનો અંત આણ્યો. બ્રૂ-રિયાંગ કરારને કારણે દાયકાઓ પછી હજારો વિસ્થાપિત લોકો પોતાના ઘરે પરત ફર્યા છે. નેશનલ લિબરેશન ફ્રન્ટ ઓફ ત્રિપુરા સાથેના કરારે વર્ષો જૂની અશાંતિનો અંત આણ્યો. આ ઉપરાંત આસામ અને મેઘાલય વચ્ચેનો સરહદી વિવાદ પણ મોટે ભાગે ઉકેલાઈ ગયો છે. જ્યારે 21મી સદીનો ઈતિહાસ લખાશે, ત્યારે તેમાં એક સુવર્ણ અધ્યાય એ વાતનો

કનેક્ટિવિટી માટે રેલવે, માર્ગ, રાષ્ટ્રીય રાજમાર્ગ અને ડિજિટલ નેટવર્ક

રસ્તા અને રાષ્ટ્રીય રાજમાર્ગો

63.73 લાખ કિલોમીટરમાં

ફેલાયેલું ભારતનું રોડ નેટવર્ક વિશ્વમાં બીજા ક્રમનું સૌથી મોટું નેટવર્ક છે.

રાષ્ટ્રીય રાજમાર્ગોની લંબાઈ

2013-14 — 91,287 કિમી

માર્ચ 2026 — 1,46,572 કિમી

આશરે 61% વૃદ્ધિ



રેલવે સેવાઓ

- ભારતીય રેલવેએ ઑગસ્ટ 2026માં 67.27 કરોડ મુસાફરોનું પરિવહન કર્યું.
- ભારતનું કુલ બ્રોડ-ગેજ રેલવે નેટવર્ક 99.6 ટકા વિદ્યુતીકૃત થઈ ચૂક્યું છે.
- મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર 508 કિલોમીટરમાં ફેલાયેલો છે અને તેની ડિઝાઈન 350 કિમી પ્રતિ કલાકની ઝડપ માટે કરવામાં આવી છે.
- દેશની પ્રથમ સ્વદેશી હાઈડ્રોજન ફ્યુઅલ સેલ ટ્રેન જુલાઈ 2026માં શરૂ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ ટૂંક સમયમાં પૂર્ણ થવાનું આયોજન છે.

ડિજિટલ કનેક્ટિવિટી


- દેશમાં ઈન્ટરનેટ ગ્રાહકોની સંખ્યા વધીને 109.2 કરોડથી વધુ થઈ ગઈ છે. વાયરલેસ ડેટાનો દર ઘટીને પ્રતિ જીબી ₹.7.51 થયો છે.
- ભારતનેટ પ્રોજેક્ટઃ દેશની ગ્રામ પંચાયતોને જોડવાના ઉદ્દેશ્યવાળી આ યોજના અંતર્ગત 2.21 લાખથી વધુ ગ્રામ પંચાયતો સેવા માટે સક્ષમ કરવામાં આવી છે.
- ફાઈબર અને 5G નેટવર્કઃ દેશભરમાં આશરે 7 લાખ કિલોમીટર ઓપ્ટિકલ ફાઈબર કેબલ પાથરવામાં આવ્યો છે, અને 99.9% જિલ્લાઓમાં 5G સેવાઓ ઉપલબ્ધ બની ચૂકી છે.



એકતાનો તાંતણોઃ દેશમાં વ્યક્તિ ગમે ત્યાં રહેતી હોય, હાઈવે, એક્સપ્રેસવે અને હાઈ-સ્પીડ ટ્રેનો હવે વિવિધ પ્રદેશો અને સંસ્કૃતિઓ વચ્ચેના પ્રવાસને સુગમ બનાવી રહ્યા છે. એ જ રીતે, ડિજિટલ કનેક્ટિવિટીએ ભૌગોલિક અંતરો ઘટાડી દીધા છે; હવે ગામડાંઓ પણ ફાઈબર નેટવર્ક મારફતે જોડાઈ ગયાં છે.

162

વંદે ભારત, ૨ વંદે ભારત સ્લીપર અને ૭૨ અમૃત ભારત સેવાઓ દ્વારા કનેક્ટિવિટી અને મુસાફરીની સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે.



પણ હશે કે ભારતે બીજા અને ત્રીજા દાયકા દરમિયાન નક્સલવાદના ભયાનક દૂષણને કેવી રીતે સફળતાપૂર્વક નાથ્યું. એક સમય એવો હતો જ્યારે નેપાળના પશુપતિથી લઈને ભારતના તિરુપતિ સુધી 'રેડ કોરિડોર' ફેલાયેલો હતો અને નક્સલવાદ ભારતની એકતા અને અખંડિતતા સામે મોટો પડકાર બની ગયો હતો. આજે ભારત નક્સલવાદથી મુક્ત થઈ ચૂક્યું છે.

ખેડૂત સશક્તિકરણ

ગ્રામીણ ભારત અને ખેડૂતો માટે એકીકૃત પ્રણાલી

વન નેશન, વન ફર્ટિલાઇઝર

‘ભારત’ બ્રાન્ડ સાથે નવી શરૂઆત

17 ઑક્ટોબર, 2022ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ‘વન નેશન, વન ફર્ટિલાઇઝર’ પહેલ અંતર્ગત *ભારતીય જન ઉર્વરક પરિયોજના* (ઇન્ડિયન પીપલ્સ ફર્ટિલાઇઝર સ્કીમ) હેઠળ ‘ભારત’ યુરિયા બેગ લોન્ચ કરી હતી.

- હવે દેશભરમાં વેચાતા યુરિયાનું એક જ નામ, ગુણવત્તાનું ધોરણ અને બ્રાન્ડ રહેશેઃ ‘ભારત’.



વન નેશન, વન એગ્રિકલ્ચરલ માર્કેટ

નેશનલ એગ્રિકલ્ચર માર્કેટ એટલે કે ઈ-નામ એપ્રિલ 2016માં શરૂ કરવામાં આવ્યું હતું. ઈ-નામ દ્વારા દેશ ‘વન નેશન, વન એગ્રિકલ્ચરલ માર્કેટ’ના વિઝન તરફ આગળ વધી રહ્યો છે.

- 1.80 કરોડથી વધુ ખેડૂતો અને 2.73 લાખ વેપારીઓ ઈ-નામ પોર્ટલ પર નોંધાયેલા છે.
- 23 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોની 1,656 મંડીઓને ઈ-નામ પ્લેટફોર્મ સાથે સાંકળવામાં આવી છે.

તેની શરૂઆતથી લઈને માર્ચ 2026 સુધીમાં ઈ-નામ મારફતે આશરે 205 લાખ મેટ્રિક ટન કૃષિ પેદાશોનું

4.84

લાખ કરોડ રૂપિયાનો વેપાર થયો છે.



યુવા આકાંક્ષાઓની પરિપૂર્તિ

દેશના કોઈપણ ખૂણે જન્મેલું બાળક ડૉક્ટર કે એન્જિનિયર બનવાનું સપનું જુએ છે, જોકે થોડાં વર્ષો પહેલાં સુધી આ સપનું સાકાર થવું એ વાત પર વધુ નિર્ભર રહેતું હતું કે વિદ્યાર્થી કયા રાજ્યના બોર્ડમાં ભણે છે કે કયા રાજ્યની પ્રવેશ પરીક્ષાનું ફોર્મ ભરી શકે છે. મેડિકલ પ્રવેશ માટે ડઝનબંધ રાજ્ય-સ્તરીય અને ખાનગી પરીક્ષાઓ આપવી પડતી હતી, જેના કારણે વિદ્યાર્થીઓએ અસંખ્ય ફોર્મ ભરવા પડતા, અલગ-અલગ શહેરોમાં મુસાફરી કરવી પડતી, જુદી-જુદી ફી ચૂકવવી પડતી અને મૂલ્યાંકનના વિવિધ માપદંડોનો સામનો કરવો પડતો હતો. ગરીબ પરિવાર માટે આ આખી પ્રક્રિયા કોઈ દુર્ગમ પર્વત ચઢવા જેટલી કપરી હતી.

આ જટિલતાનો ઉકેલ લાવવા માટે વર્ષ 2017માં નેશનલ ટેસ્ટિંગ એજન્સીની સ્થાપના કરવામાં આવી. તેણે તબીબી શિક્ષણ માટે NEET ને એકમાત્ર રાષ્ટ્રીય પ્રવેશ પરીક્ષા તરીકે નિયુક્ત કરી અને JEE જેવી અન્ય મોટી પરીક્ષાઓનું કેન્દ્રીયકૃત, પારદર્શક અને ટેકનોલોજી આધારિત સંચાલન શરૂ કર્યું. આજે કોઈ વિદ્યાર્થી બિહારની સરકારી શાળાનો હોય કે દિલ્હીની પ્રતિષ્ઠિત ખાનગી શાળાનો, તેની યોગ્યતા એક જ પરીક્ષા, એક જ પ્રશ્નપત્ર અને મૂલ્યાંકનના સમાન માપદંડોના આધારે નક્કી થાય છે.

એકતાની આ ભાવના શાળાઓ અને કોલેજોથી આગળ વધીને સંશોધન અને ઇનોવેશનના ક્ષેત્ર સુધી વિસ્તરી છે. દેશની જાહેર શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સંશોધકો આંતરરાષ્ટ્રીય જર્નલોના ઊંચા લવાજમના ખર્ચને કારણે આધુનિક સંશોધનો મેળવવાથી વંચિત રહી જતા હતા. ‘વન નેશન, વન

સબસ્ક્રિપ્શન' યોજના આ સમસ્યાના ઉકેલ તરીકે ઉભરી આવી છે.

આ પરિવર્તન પડકારોથી સાવ મુક્ત રહ્યું નથી. કોઈપણ મોટા રાષ્ટ્રીય પરિવર્તનની જેમ, વ્યવસ્થાને સુધારવાના પ્રયાસો સતત ચાલુ છે. તેમ છતાં, 'એક રાષ્ટ્ર, એક પરીક્ષા' અને 'એક રાષ્ટ્ર, એક ભરતી'ના મૂળ મંત્રે શિક્ષણમાં સમાન તકોનો મજબૂત પાયો નાખ્યો છે તેમાં કોઈ શંકા નથી.

આગળનો માર્ગ: એક રાષ્ટ્ર, એક ચૂંટણી

એકીકરણની આ યાત્રા હજુ પૂરી થઈ નથી. દર વર્ષે દેશના કોઈને કોઈ રાજ્યમાં ચૂંટણીઓ ચાલતી રહે છે, પરિણામે વહીવટી તંત્ર સતત તેમાં વ્યસ્ત રહે છે અને આદર્શ આચારસંહિતા લગભગ કાયમ અમલમાં રહે છે-આ પરિબળો ઘણીવાર વિકાસ કાર્યોની ગતિ અને નીતિગત નિર્ણયોને પ્રભાવિત કરે છે. આ સમસ્યાના ઉકેલ માટે અને ચૂંટણી ચક્રના કારણે વહીવટીતંત્ર તેમજ સંસાધનો પર પડતા ભારણને હળવો કરવા માટે "વન નેશન, વન ઈલેક્શન"-એટલે કે લોકસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવાની વિભાવના પર લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે.

વારંવાર યોજાતી ચૂંટણીઓ માત્ર સરકારી તિજોરી પર મોટો બોજ જ નથી નાખતી, પરંતુ સુરક્ષા દળો અને વહીવટી કર્મચારીઓને પણ ચૂંટણી ફરજ માટે વારંવાર તૈનાત કરવા પડે છે, જેનાથી વિકાસ કાર્યોની સાતત્યતા જોખમાય છે. એકસાથે ચૂંટણીઓ યોજવાથી આ દુષ્ચક્ર તૂટશે અને સરકારો પોતાના પૂરા કાર્યકાળ દરમિયાન સ્થિર નીતિનિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

આ દિશામાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અધ્યક્ષપદે સપ્ટેમ્બર 2023માં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી, તેણે વિસ્તૃત જનસંપર્ક અને નિષ્ણાતો સાથેની ચર્ચાઓ બાદ સરકારને પોતાની ભલામણો સુપરત કરી હતી. આ સંદર્ભમાં, કેન્દ્ર સરકારે 17 ડિસેમ્બર 2024ના રોજ લોકસભામાં બંધારણ (129મો સુધારો) ખરડો અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારો) ખરડો રજૂ કર્યો હતો. હાલમાં આ ખરડા વિગતવાર વિચારણા માટે સંયુક્ત સંસદીય સમિતિ સમક્ષ છે અને આ બાબતે સંસદમાં આગળની ચર્ચા થવાની બાકી છે.


> ***આજે દરેક ભારતીય કહી શકે છે: 'વન નેશન, વન કોન્સ્ટિટ્યુશન'. અમે સરદાર સાહેબના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના વિઝનને સાકાર કરવા માટે સમર્પિત છીએ. આપણે એવી વ્યવસ્થાઓ વિકસાવવી પડશે જે રાષ્ટ્રની એકતાને સુદૃઢ બનાવે, અને આ પ્રક્રિયા સતત ચાલતી રહેવી જોઈએ.***
>
> ***- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

એકતાનો વિસ્તરતો વ્યાપ

કહેવાયું છે કે: ऐक्यं बलं समाजस्य तद्भावे स दुर्बलः। तस्मात् ऐक्यं प्रशंसन्ति दृढं राष्ट्र हितैषिणः॥

એટલે કે, કોઈપણ સમાજની શક્તિ તેની એકતામાં રહેલી છે અને તેના અભાવે સમાજ નબળો પડે છે. તેથી જ મજબૂત રાષ્ટ્રનું હિત ચાહનારા લોકો એકતાની આ ભાવનાની પ્રશંસા કરે છે અને તેના માટે પ્રયત્નશીલ રહે છે. આમ, દેશની એકતા અને અખંડિતતા એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

સરદાર પટેલ માનતા હતા કે ઈતિહાસ લખવામાં સમય વેડફવાને બદલે ઈતિહાસ રચવા માટે સખત મહેનત કરવી જોઈએ. ચોક્કસપણે આ જ વિચાર સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2015માં 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' પહેલ શરૂ કરી હતી, તે સમયે કદાચ કેટલાક લોકોને આ માત્ર એક સાંસ્કૃતિક કાર્યક્રમ લાગ્યો હશે. પરંતુ છેલ્લા એક દાયકામાં આ ભાવના દરેક ક્ષેત્રમાં ઊંડે સુધી પ્રસરી ગઈ છે - કર પ્રણાલી, અન્ન સુરક્ષા, સૈનિકોનું સન્માન, બંધારણીય સમાનતા, પરીક્ષાઓની તકો અને જ્ઞાનની સુલભતા સુધી. દેશમાં કોઈપણ સ્થળે નાગરિકો માટે સમાન વ્યવસ્થા સુનિશ્ચિત કરવાના મૂળ ઉદ્દેશ્ય સાથે આ યાત્રા અવિરત ચાલુ છે. ■



કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો

રવિ પાકો માટે ટેકાના ભાવમાં વધારો

ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ- III સ્કીમને મંજૂરી

કેન્દ્ર સરકાર ખેડૂતોના કલ્યાણ અને રિન્યુએબલ એનર્જીની પહોંચ વધારવા માટે પ્રતિબદ્ધ છે, જે લક્ષ્ય તરફ દેશ સતત કાર્ય કરી રહ્યો છે. આ સંદર્ભમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષસ્થાને 30 સપ્ટેમ્બરના રોજ મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં રવિ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ (MSP) વધારવાની દરખાસ્તોને મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત, ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-III યોજના અને ઇન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપવામાં આવી હતી. આ પગલાં ખેડૂતોને સહાયરૂપ બનવામાં અને પર્યાવરણનું રક્ષણ કરવામાં મદદ કરશે...

નિર્ણય: આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ 2027-28 માર્કેટિંગ સિઝન માટે તમામ સૂચિત રવિ પાકો માટેના લઘુત્તમ ટેકાના ભાવ (MSP) માં વધારાને મંજૂરી આપી છે.

અસર: કુસુમ માટે ક્વિન્ટલ દીઠ રૂ. 675નો સૌથી વધુ ટેકાના ભાવમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે, ત્યારબાદ રાયડો અને સરસવ માટે ક્વિન્ટલ દીઠ રૂ. 413 નો વધારો થયો છે. મસૂર, જવ, ચણા અને ઘઉં માટે અનુક્રમે ક્વિન્ટલ દીઠ રૂ. 390, રૂ. 136, રૂ. 83 અને રૂ. 25નો વધારો કરવામાં આવ્યો છે.

- 2014-15થી 2025-26 દરમિયાન સરકાર દ્વારા ઘઉંની ખરીદી વધીને 3,715 લાખ મેટ્રિક ટન થઈ છે.
- 2014-15 થી 2025-26 ના સમયગાળા દરમિયાન છ રવિ પાકોની કુલ ખરીદી વધીને 3,921 લાખ મેટ્રિક ટન થઈ છે.

- 2014-15 અને 2025-26 વચ્ચે ઘઉં પકવતા ખેડૂતોને ચૂકવવામાં આવેલી કુલ એમએસપી (MSP) વધીને રૂ. 7.31 લાખ કરોડ થઈ છે.
- 2014-15થી 2025-26ના સમયગાળા દરમિયાન છ રવિ પાકોનું ઉત્પાદન કરતા ખેડૂતોને ચૂકવાયેલી એમએસપી વધીને રૂ. 8.36 લાખ કરોડ થઈ છે.

નિર્ણય: બૅટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) સાથે સંકલિત ઇન્ટ્રા-સ્ટેટ ટ્રાન્સમિશન નેટવર્કના વિકાસ માટે 'ગ્રીન એનર્જી કોરિડોર ફેઝ-III' યોજનાને મંજૂરી.

અસર: આ ઐતિહાસિક પહેલ ભારતના રાજ્ય સ્તરના ટ્રાન્સમિશન માળખાને વધુ મજબૂત બનાવશે, જેનાથી વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 135 ગીગાવોટ સુધીની પુનઃપ્રાપ્ય ઊર્જાનું વહન અને સંકલન શક્ય બનશે.

- આ યોજના નાણાકીય વર્ષ 2032-33 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય ધરાવે છે, જેનો કુલ પ્રોજેક્ટ ખર્ચ રૂ. 1, 86,405 કરોડ છે.
- તે 2035 સુધીમાં 900 ગીગાવોટ સ્થાપિત બિન-અશ્મિભૂત ઇંધણ આધારિત ઊર્જા ક્ષમતાના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મદદરૂપ બનશે.
- આ યોજના કાર્બન ફૂટપ્રિન્ટમાં ઘટાડો કરીને દેશની લાંબા ગાળાની ઊર્જા સુરક્ષામાં ફાળો આપશે અને પર્યાવરણ-અનુકૂળ વિકાસને પ્રોત્સાહન આપશે.
- તે ઊર્જા, ઉત્પાદન અને બાંધકામ ક્ષેત્રોમાં મોટા પાયે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી કરશે.
- બૅટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS)નું ઉત્પાદન અને અમલીકરણ સ્થાનિક ઊર્જા સંગ્રહ ઉદ્યોગમાં વધારાની નોકરીની તકોનું સર્જન કરશે.
- આ યોજના સહભાગી રાજ્યોમાં સંચાલન, જાળવણી અને ગ્રીડ મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં લાંબા ગાળાની કુશળ રોજગારીનું સર્જન કરશે.



નિર્ણય: દિલ્હીમાં ઇન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ (ITMS) ના અમલીકરણ માટે મંજૂરી આપવામાં આવી.

અસર: આ પ્રોજેક્ટ 42 નિર્ધારિત ટ્રાફિક કોરિડોરને આવરી લેશે. વાહનોનું નિરીક્ષણ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની મદદથી કરવામાં આવશે.

- તેનો અમલ 24 મહિનામાં ત્રણ તબક્કામાં કરવામાં આવશે, ત્યારબાદ પાંચ વર્ષ સુધી તેની કામગીરી અને જાળવણી કરવામાં આવશે.
- નવી સિસ્ટમમાં એવા સિગ્નલો હશે જે વાહનોની સંખ્યા અને ટ્રાફિકની સ્થિતિના આધારે તેમના સમયને આપમેળે ગોઠવવા સક્ષમ હશે.
- એઆઈ-આધારિત મોનિટરિંગ ચોરાયેલા અને શંકાસ્પદ વાહનોને ટ્રેક કરવાનું સરળ બનાવશે. ■

કેબિનેટના નિર્ણયો પરની પ્રેસ બ્રીફિંગ જોવા માટે ક્યૂઆર કોડ (QR code) સ્કેન કરો





51,000થી વધુ નિમણૂક પત્રો એનાયત કરાયા

યુવાનોને ભવિષ્ય માટે સજ્જ બનાવતી સરકાર

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, સ્કિલ ઈન્ડિયા મિશન, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અને પીએમ સેતુ યુવાનોને માત્ર ભવિષ્ય માટે સજ્જ નથી કરી રહ્યા પરંતુ તેમને રોજગાર મેળવવા માટે સક્ષમ પણ બનાવી રહ્યા છે. આ સતત પ્રયાસના ભાગરૂપે, 19 સપ્ટેમ્બરના રોજ આયોજિત 'રોજગાર મેળા'માં 51,000થી વધુ યુવાનોને સરકારી સેવા માટેના નિમણૂક પત્રો સોંપવામાં આવ્યા હતા. 20મા રોજગાર મેળાને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે યુવાનોએ હાંસલ કરેલી આ સિદ્ધિ માત્ર તેમની પોતાની મહેનતનું જ નહીં, પરંતુ તેમના માતા-પિતા અને પરિવારોનાં સમર્પણ અને ત્યાગનું પણ પરિણામ છે.

જ્યારે રાષ્ટ્રીય અર્થતંત્ર આગળ વધે છે, રોકાણો વધે છે, નવા ઉદ્યોગો સ્થપાય છે અને નવા ક્ષેત્રો વિસ્તરે છે ત્યારે યુવાનો માટે નવી તકોને વેગ મળે છે. આજે ભારત ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર છે; દેશે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 7.8 ટકાનો વૃદ્ધિ દર નોંધાવ્યો છે.

આ કાર્યક્રમમાં બોલતા પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે સરકાર ખાનગી ક્ષેત્રમાં પણ રોજગારીની તકો ઝડપથી વધારવા માટે પ્રયાસ કરી રહી છે.

આ વિઝનને ધ્યાનમાં રાખીને, 'પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના' શરૂ કરવામાં આવી છે. આ યોજનામાં અંદાજે એક લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવી રહ્યું છે. તે લગભગ બે કરોડ યુવાનોને પ્રથમ વખત કાર્યબળમાં જોડાવાની તક પૂરી પાડશે. પીએમ મોદીએ નોંધ્યું હતું કે

અત્યાર સુધીમાં 12.75 લાખ યુવાનોને નિમણૂક પત્રો મળ્યા છે

- આ રોજગાર મેળો દેશભરમાં 45 સ્થળોએ આયોજિત કરવામાં આવ્યો હતો.
- નવનિયુક્ત કર્મચારીઓ ભારત સરકારનાં વિવિધ મંત્રાલયો અને વિભાગોમાં જોડાશે.
- આમાં મહેસૂલ વિભાગ, રેલવે મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નાણાકીય સેવાઓ વિભાગ (DFS), સંરક્ષણ મંત્રાલય વગેરેનો સમાવેશ થાય છે.
- 20મા રોજગાર મેળા સાથે, વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં આશરે 12.75 લાખ યુવાનોએ રોજગારી પ્રાપ્ત કરી છે.

આજે 1.7 કરોડથી વધુ સરકારી કર્મચારીઓ iGOT કર્મયોગી પ્લેટફોર્મ સાથે જોડાયેલા છે.


> ***તમે બધા ભારત સરકારમાં એવા સમયે જોડાયા છો જ્યારે દેશ એક ઐતિહાસિક અને ભવ્ય લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે–2047 સુધીમાં 'વિકસિત ભારત'નું નિર્માણ કરવાનો સંકલ્પ. આ પ્રયાસમાં યુવાનોની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે.***
>
> ***– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***


યુવાનોને ભવિષ્ય માટે સજ્જ કરવા પર વિશેષ ભાર

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, સ્કિલ ઈન્ડિયા મિશન, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના અને એપ્રેન્ટિસશિપને પ્રોત્સાહન આપવાના પ્રયાસો.
- પીએમ-સેતુ યોજના હેઠળ રૂ.60,000 કરોડના રોકાણ સાથે 1,000 સરકારી આઈટીઆઈનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે.

આ યોજના હેઠળ સરકાર પ્રથમ નોકરી મેળવનારા યુવાનોને રૂ.15,000 સુધીનું પ્રોત્સાહન આપી રહી છે. નવી રોજગારીનું સર્જન કરતા નોકરીદાતાઓને પણ પ્રોત્સાહનો આપવામાં આવી રહ્યા છે. ટૂંકમાં, સરકાર દેશભરમાં રોજગાર વધારવા માટે તમામ મોરચે કાર્ય કરી રહી છે. ■

રોજગાર મેળો યુવાનોને સરકારી નોકરીઓ પૂરી પાડે છે







સેમિકન્ડક્ટર નવીનતા, મૂડીરોકાણ અને વિકાસ માટે નવી તકોનું સર્જન

મજબૂત અર્થતંત્ર અને વૈશ્વિક વિશ્વાસના બળે ભારત એક નવું વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે. આ યાત્રામાં સેમિકન્ડક્ટર ઉદ્યોગ અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે તૈયાર છે. 17 સપ્ટેમ્બરના રોજ દિલ્હી ખાતે આયોજિત 'સેમિકોન ઈન્ડિયા 2026' કાર્યક્રમમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોંધ્યું હતું કે ભારતનું સેમિકન્ડક્ટર ક્ષેત્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. તેમણે દેશ-વિદેશના પ્રતિભાશાળી યુવાનોને આધુનિક ટેકનોલોજીના વિકાસમાં ભાગીદાર બનવા માટે આહ્વાન કર્યું હતું.

'સેમિકોન ઈન્ડિયા'ની શરૂઆત 2022માં કરવામાં આવી હતી. મોહાલી અને સુરત ખાતેના બે નવા પ્લાન્ટ્સમાં વ્યાપારી ધોરણે ઉત્પાદન શરૂ થઈ ચૂક્યું છે, અને અહીં નિર્મિત ચિપ્સ હવે વૈશ્વિક ગ્રાહકો સુધી પહોંચી રહી છે. આના પરિણામે રેકોર્ડ સમયમાં દેશની અંદર જ ચિપ ડિઝાઈનિંગ, ઉપકરણોનું ઉત્પાદન અને ટેસ્ટિંગની ક્ષમતાઓ વિકસિત થઈ છે. સેમિકોન ઈન્ડિયા 2026 કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વિગતો શેર કરી હતી અને 13.5 અબજ ડોલરના સેમિકન્ડક્ટર મિશનના બીજા તબક્કાની જાહેરાત કરી હતી. તેમણે આંતરરાષ્ટ્રીય કંપનીઓ, સ્ટાર્ટઅપ્સ અને ડિઝાઈન ફર્મ્સ વચ્ચે સહયોગ અને ભાગીદારીને સરળ બનાવવાના હેતુથી અમલમાં મુકાયેલા નવા નિયમનકારી સુધારાઓ પર પણ ભાર મૂક્યો હતો. ■



છેલ્લા ૧૫ દિવસની ઉપલબ્ધિઓ...

3,000

કિલોમીટર લાંબો ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર શરૂ કરવામાં આવ્યો.

- પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપીમાં 7.8%નો વૃદ્ધિ દર નોંધાયો.
- સભ્ય દેશો દ્વારા સર્વાનુમતે બ્રિક્સ દિલ્હી ઘોષણાપત્ર સ્વીકારવામાં આવ્યું.
- મુંબઈ ખાતે 'ગ્લોબલ ફિનટેક ફેસ્ટ'નું આયોજન થયું, જેમાં એજેન્ટિક એઆઈ અને ક્વોન્ટમ ટેકનોલોજી દ્વારા સમાવેશી નાણાકીય સેવાઓ અંગે ચર્ચા કરવામાં આવી.

પીએમ મોદીના સંબોધનના મુખ્ય અંશો...

મુખ્યત્વે AI દ્વારા સર્જાયેલી માંગને કારણે છેલ્લાં બે વર્ષમાં સેમિકન્ડક્ટર માર્કેટમાં

20% થી વધુનો વધારો થયો છે.

- એક લાખ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરવાની સરકારની મહત્વાકાંક્ષી યોજના,; જેમાંથી 70,000 વિદ્યાર્થીઓની તાલીમ પૂર્ણ થઈ ચૂકી છે.
- સૌર ઊર્જા ક્ષમતા એક દાયકા પહેલાં આશરે બે ગીગાવોટ હતી, જે હવે વધીને 60 ગીગાવોટથી વધુ થઈ ગઈ છે.





સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વિકસાવવામાં સામાન્ય રીતે દાયકાઓ લાગી જતા હોય છે, છતાં ભારતે ટૂંકા ગાળામાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. દેશે આ તમામ ક્ષેત્રોમાં એક સાથે કામ કર્યું છે

- ચિપ ડિઝાઈનિંગ અને મેન્યુફેક્ચરિંગ.
- ઈક્વિપમેન્ટ અને કાચા માલનો પુરવઠો.
- ચિપ ટેસ્ટિંગ ક્ષમતાઓ.

ભારતમાં હાલમાં સંશોધન કરી રહેલા યુવા પ્રતિભાશાળીઓએ આગળ આવવું જોઈએ. વિદેશમાં સંશોધન કરી રહેલા લોકોએ પણ ભારતમાં અદ્યતન ટેકનોલોજીના વિકાસમાં જોડાવું જોઈએ.

– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.



‘ઉડાન’નાં 10 વર્ષ

કનેક્ટિવિટીને વેગ...

આત્મનિર્ભર ભારતનું નિર્માણ

“હું હવાઈ ચપ્પલ (ફ્લિક-ફ્લોપ્સ) પહેરનારા લોકોને વિમાનમાં મુસાફરી કરતા જોવા માંગુ છું.” પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ 'ઉડાન' ફ્લાઇટના શુભારંભ પ્રસંગે આ શબ્દો કહ્યા હતા... અને આજે, ઉડાનના આંકડા દર્શાવે છે કે 1.68 કરોડથી વધુ લોકોએ આ સસ્તી હવાઈ સેવાનો લાભ લીધો છે. આ યોજનાનો સંશોધિત અને નવો તબક્કો 4 જુલાઈ, 2026ના રોજ શરૂ કરવામાં આવ્યો હતો. આ યોજનાનો ઉદ્દેશ્ય માત્ર 120 નવા ગંતવ્ય સ્થાનો સુધી પહોંચવાનો અને 4 કરોડ મુસાફરોને સેવા આપવાનો જ નથી, પરંતુ સ્થાનિક એરોસ્પેસ ક્ષેત્ર અને આત્મનિર્ભર ભારત અભિયાનને વધુ મજબૂત કરવાનો પણ છે...

આઝાદી પછી પહેલીવાર વર્તમાન કેન્દ્ર સરકારે દેશ માટે એક ઉડ્ડયન નીતિ ઘડી કાઢી. ત્યારબાદ, 21 ઑક્ટોબર 2016ના રોજ પ્રાદેશિક હવાઈ સંપર્ક યોજના ‘ઉડાન’–ઉડે દેશ કા આમ નાગરિકને મંજૂરી આપવામાં આવી. આ યોજનાની પ્રથમ ફ્લાઈટે 27 એપ્રિલ 2017ના રોજ ઉડાન ભરી હતી. આ યોજનાની શરૂઆતને દસ વર્ષ પૂર્ણ થયા છે. આ દાયકા દરમિયાન, ઉડાન યોજના હેઠળ 679 રૂટ્સ કાર્યરત કરવામાં આવ્યા છે અને 95 એરપોર્ટ્સ, હેલિપોર્ટ્સ તેમજ વોટર એરોડ્રોમ્સને જોડીને પ્રાદેશિક હવાઈ કનેક્ટિવિટીમાં નોંધપાત્ર પરિવર્તન લાવવામાં આવ્યું છે. જુલાઈ 2026 સુધીમાં, 1.68 કરોડથી વધુ મુસાફરો આ સસ્તી સેવાનો લાભ લઈ ચૂક્યા છે.

> ***અમારી સરકારે ઉડાન યોજનાનો વધુ વિસ્તાર કર્યો છે, જે અંતર્ગત આગામી વર્ષોમાં નાનાં શહેરોમાં 100 નવાં એરપોર્ટ અને 200 નવા હેલિપેડ બનાવવાની યોજના છે. આ યોજના ભારતના ઉડ્ડયન ક્ષેત્રમાં પરિવર્તનકારી બદલાવ લાવી છે.***
>
> ***– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

ભારતની આકાંક્ષાઓનો મહોત્સવ

21 ઑક્ટોબર 2016ના રોજ શરૂ કરાયેલી 'ઉડાન' યોજનાએ 'હવાઈ ચપ્પલ' પહેરનારા સામાન્ય નાગરિક પણ 'હવાઈ જહાજ' માં મુસાફરી કરી શકે તેવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનને એક રાષ્ટ્રીય આંદોલનમાં પરિવર્તિત કરી દીધું છે. આ યોજના હવાઈ મુસાફરીને દરેક ભારતીય માટે સરળ અને સુલભ બનાવી રહી છે. આજે, ઉડાન માત્ર એક કનેક્ટિવિટી યોજના બનીને નથી રહી, પરંતુ ભારતની આકાંક્ષાઓની ઉજવણી સમાન બની ગઈ છે, જે ખેડૂતો, વિદ્યાર્થીઓ, કારીગરો અને વેપારીઓને વિકાસની નવી તકો પૂરી પાડે છે. ટિયર-2 અને ટિયર-3 શહેરોથી લઈને છેવાડાના વિસ્તારો સુધી, ઉડ્ડયન ક્ષેત્ર આર્થિક વિકાસ, પ્રવાસન, રોજગાર અને સામાજિક સમાવેશ માટેનું એક શક્તિશાળી એન્જિન બનીને ઊભરી આવ્યું છે.

ભારતની ઉડ્ડયન યાત્રામાં વધુ એક યશકલગી

યોજનાની સફળતા અને અનુભવોના આધારે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના અધ્યક્ષપદે મળેલી કેબિનેટે 25 માર્ચ 2026ના રોજ આ યોજનાના સંશોધિત અને સુધારેલા સ્વરૂપને મંજૂરી આપી હતી. 4 એપ્રિલ 2026ના રોજ લોન્ચ કરાયેલી આ સુધારેલી ઉડાન યોજનાનો ઉદ્દેશ્ય દેશભરના ટિયર-2 અને ટિયર-3 શહેરો તેમજ અંતરિયાળ વિસ્તારોમાં પ્રાદેશિક હવાઈ કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવાનો છે. નાગરિક ઉડ્ડયન સંચાલિત વિકાસને વેગ આપવા માટે આગામી દસ વર્ષમાં આશરે રૂ. 29,000 કરોડનો ખર્ચ કરવામાં આવશે.

આ યોજના હેઠળ હાલની વણવપરાયેલી હવાઈ પટ્ટીઓમાંથી 100 એરપોર્ટ્સનો વિકાસ અને પર્વતીય વિસ્તારો, ઉત્તર-પૂર્વીય રાજ્યો તેમજ મહત્વાકાંક્ષી જિલ્લાઓમાં 200 હેલિપોર્ટ્સનું નિર્માણ સામેલ છે. તે 'વિકસિત ભારત 2047'ના વિઝનને સાકાર કરવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ સુનિશ્ચિત કરશે. આ નવો તબક્કો છેવાડા સુધીના સંપર્કને વધુ મજબૂત કરશે અને દેશના ખૂણે-ખૂણે 'સબકી ઉડાન, સબકા વિકાસ'ના સંકલ્પને વાસ્તવિકતામાં ફેરવશે. ■

ઇન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઇઝેશન (ICAO) દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસ 'ઇકોનોમિક બેનિફિટ્સ ઓફ સિવિલ એવિએશન: રિપલ્સ ઓફ પ્રોસ્પરિટી' અનુસાર, હવાઈ કનેક્ટિવિટી પાછળ ખર્ચવામાં આવેલો પ્રત્યેક રૂપિયો 3.25 ગણો આર્થિક પ્રભાવ પેદા કરે છે, જ્યારે રોજગાર પર તેની અસર 6.1 ગણી જોવા મળે છે.

'આત્મનિર્ભર ભારત' અભિયાનને મજબૂતી

ઉડાન યોજનાના નવા તબક્કામાં, અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારો માટે બે 'ધ્રુવ' હેલિકોપ્ટર અને બે 'ડોર્નિયર' વિમાનોની ખરીદી કરવામાં આવશે. આનાથી નાના વિમાનોની અછત દૂર થશે અને 'આત્મનિર્ભર ભારત' પહેલ હેઠળ દેશના ઉડ્ડયન ઉદ્યોગને વેગ મળશે. પ્રાદેશિક રૂટ્સ પર ફ્લાઈટ્સની લાંબા ગાળાની સ્થિરતા સુનિશ્ચિત કરવા અને મુસાફરોની સંખ્યા વધારવા માટે, આ યોજનામાં પાંચ વર્ષ સુધી વાયેબિલિટી ગેપ ફંડિંગ (VGF) સહાય લંબાવવાની જોગવાઈ સામેલ કરવામાં આવી છે.





અન્નપૂર્ણા યોજના હેઠળ રૂ. 3,000નો ચોથો હપ્તો જારી

બંગાળની નારીશક્તિને નવું બળ

આ વર્ષે ચોથી મેના રોજ, પશ્ચિમ બંગાળે પરિવર્તનનો એક નવો માર્ગ પસંદ કર્યો, અને આ પ્રક્રિયામાં મહિલાઓએ અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને તેમના જીવનને સરળ બનાવવાના ઉદ્દેશ્યથી શરૂ કરાયેલી યોજનાઓને ઝડપથી અમલમાં મૂકવા માટે સાથે મળીને કામ કરી રહી છે... ■

માતાઓ અને બહેનો પરિવારમાં અનેક જવાબદારીઓ સંભાળે છે. એક સ્ત્રી પોતાના પરિવારની દરેક સંભવિત રીતે સંભાળ રાખે છે. જ્યારે દૈનિક અને અનિવાર્ય ખર્ચાઓ અંગેની ચિંતા ઓછી થાય છે, ત્યારે તેમનો આત્મવિશ્વાસ વધુ વધે છે. આ જ ઉદ્દેશ્ય સાથે પશ્ચિમ બંગાળ સરકારે 'અન્નપૂર્ણા યોજના' શરૂ કરી છે. આ યોજના હેઠળ 17 સપ્ટેમ્બરના રોજ 1.5 કરોડ મહિલાઓના ખાતામાં રૂ. 3,000 ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં સંબોધન કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે બંગાળની મહિલાઓનો આત્મવિશ્વાસ વધારવા માટે આ એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. સરકારનો લક્ષ્યાંક એ સુનિશ્ચિત કરવાનો છે કે એક પણ પાત્રતા ધરાવતી મહિલા આ યોજનાના લાભથી વંચિત ન રહે. એક માતા માટે આ નાણાં તેના બાળકના શિક્ષણનો ખર્ચ ઉઠાવી શકે છે; તો એક બહેન માટે તે દવાઓ અથવા ઘરગથ્થુ જરૂરી ચીજવસ્તુઓ ખરીદવાનું માધ્યમ બની શકે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોંધ્યું હતું કે અમારું વિઝન છે કે બંગાળની મહિલાઓ પાસે પણ નિર્ણય લેવાની શક્તિ અને આગળ વધવાનું સાહસ હોય. અન્નપૂર્ણા યોજના આ સંદર્ભમાં મહત્વની ભૂમિકા ભજવે છે. નવી સરકારની મુખ્ય પ્રાથમિકતા

જીવનચક્રના દરેક તબક્કાના પડકારોનું સમાધાન: સર્વોચ્ચ પ્રાથમિકતા



ગર્ભાવસ્થા દરમ્યાન પોષણ	માતૃવંદના યોજના
શૌચાલયના અભાવે શાળા અધવચ્ચે છોડવી	લાખો શૌચાલયો બંધાવ્યાં
છોકરીઓનું શિક્ષણ ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા	સુકન્યા સમૃદ્ધિ યોજના
છોકરીઓને સૈનિક શાળામાં પ્રવેશ મળે	એ માટે સૈનિક શાળાનાં દ્વાર ખોલ્યાં
છોકરીઓ પોતાનું સાહસ શરૂ કરી શકે	એ માટે જામીન-મુક્ત મુદ્રા યોજના શરૂ કરી
માતૃત્ત્વ બાદ રોજગાર ચાલુ રહે	એ માટે મેટરનિટી રજાઓ વધારી
ગામડાંમાં છોકરીઓને નવી તકો મળે તે માટે	સેલ્ફ-હેલ્પ ગ્રુપ
રસોડાના ધુમાડાથી છૂટકારો મળે તે માટે	ઉજ્જ્વલા ગેસ કનેક્શન
ઘરના નળમાં પાણી મળી રહે તે માટે	'હર ઘર નલ સે જલ' યોજના
અંધારામાંથી છૂટકારો મળે તે માટે	સૌભાગ્ય યોજના હેઠળ વિના મૂલ્યે વીજ જોડાણ
પૈસાની ચિંતા વિના સ્વાસ્થ્યસંભાળ મળે તે માટે	આયુષ્માન કાર્ડ
બેન્કિંગ સર્વિસીઝ ઉપલબ્ધ બનાવવા	જન ધન યોજના
રહેવા માટે ઘરનો અધિકાર	પીએમ આવાસ યોજના



"માતાઓ, બહેનો અને દીકરીઓના જીવનચક્ર સાથે જોડાયેલી દરેક સમસ્યાનું નિરાકરણ લાવવું એ સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છે. આપણે સૌ સાથે મળીને નવા બંગાળનું નિર્માણ કરીશું. વિકસિત બંગાળના સામર્થ્યથી વિકસિત ભારતના સંકલ્પને વધુ બળ મળશે.

– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

બંગાળની મહિલાઓનું જીવન સરળ બનાવવાની અને તેમનું 'ઈઝ ઓફ લિવિંગ' વધારવાની હતી. તેથી જ અમે 'કોથા કોમ, કાજ બેશી!' એટલે કે વાતો ઓછી અને કામ વધારેનું સૂત્ર અપનાવ્યું. અન્નપૂર્ણા યોજના આ જ વિચારધારા સાથે શરૂ કરવામાં આવી હતી. સરકાર રચાયાના ગણતરીના દિવસોમાં જ આ યોજના પર કામ શરૂ થઈ ગયું હતું. આટલી વિશાળ સંખ્યામાં મહિલાઓના બેંક ખાતામાં નાણાં પહોંચવા લાગ્યા છે. કોઈ 'કટ મની' નહીં, કોઈ વચેટિયા નહીં. હવે બંગાળમાં કટ મની નહીં ચાલે! ('એખોન બાંગ્લાય કટ મની ચોલે ના').

50 લાખ નવા ગરીબ પરિવારોને મળશે પાકાં મકાન

છેલ્લાં 12 વર્ષ દરમિયાન, અગાઉની સરકારોના શાસનમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ સમયસર બંગાળ સુધી પહોંચી શકી ન હતી, જેના કારણે ગરીબ પરિવારોને સૌથી મોટું નુકસાન વેઠવું પડ્યું હતું. હવે, આ અટકેલી યોજનાઓને ઝડપથી આગળ ધપાવવામાં આવી રહી છે.

બંગાળમાં નવી સરકારની રચના બાદ, પીએમ આવાસ યોજના હેઠળ પાકાં મકાનો મેળવવા માટે 50 લાખથી વધુ આવા ગરીબ પરિવારોની ઓળખ કરવામાં આવી છે. અહીં 'પીએમ વિશ્વકર્મા યોજના' પણ લાગુ કરવામાં આવી છે. બંગાળમાં દરેક પેન્ડિંગ યોજના અને અટકેલા પ્રોજેક્ટ્સ હવે નવી ગતિ પકડી રહ્યા છે.

પ્રધાનમંત્રી મોદીનો સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કેન કરો.


આંતરરાષ્ટ્રીય પરિષદ: 'પર્યાવરણનું ભવિષ્ય અને આબોહવા ગતિશીલતા'

પર્યાવરણ વિકાસની

સાથે પર્યાવરણનું જતન

ભારતે દર્શાવ્યું છે કે મજબૂત નીતિઓ દ્વારા વિકાસ અને પર્યાવરણીય સ્થિરતા (સસ્ટેનેબિલિટી) બંને એકસાથે સંભવ બની શકે છે. છેલ્લા એક દાયકામાં દેશમાં દરેક પર્યાવરણીય મોરચે અભૂતપૂર્વ પ્રગતિ જોવા મળી છે. પરિણામે, પેરિસ COP-21 કરાર હેઠળ નિર્ધારિત કરાયેલા લક્ષ્યોને સમય કરતાં પહેલાં પૂર્ણ કરનાર ભારત એકમાત્ર G-20 દેશ બન્યો છે. ૧૯ સપ્ટેમ્બરના રોજ 'ધ ફ્યુચર ઓફ એન્વાયર્નમેન્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જ' વિષય પર આયોજિત આંતરરાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નોંધ્યું હતું કે હાલમાં ભારતનું માથાદીઠ કાર્બન ઉત્સર્જન વૈશ્વિક સરેરાશના અડધા કરતાં પણ ઓછું છે.

કાર્બન ફૂટપ્રિન્ટ અંગેની વૈશ્વિક સ્તરની એક સામાન્ય ગેરસમજને દૂર કરતાં પ્રધાનમંત્રી મોદીએ ધ્યાન દોર્યું હતું કે વિકાસશીલ દેશો પર ઘણીવાર અન્યાયી રીતે દોષારોપણ કરવામાં આવે છે. તેમણે આ બાબત પર ભાર મૂક્યો કારણ કે વિકસિત દેશો ભારત કરતાં માથાદીઠ છ ગણું વધુ કાર્બન ઉત્સર્જન કરે છે. ભારત સમગ્ર વિશ્વને સાથે લઈને પર્યાવરણ સંરક્ષણના નવા માપદંડો સ્થાપિત કરી રહ્યું છે. દેશે બિન-અશ્મિભૂત ઈંધણ અને સૌર ઊર્જા ક્ષમતામાં વૈશ્વિક ધોરણો સ્થાપ્યા છે.





સ્વચ્છ ઊર્જા

12 વર્ષોમાં સૌર ઊર્જા ક્ષમતા 2 ગીગાવોટથી વધીને 160 ગીગાવોટથી વધુ થઈ.

30 લાખ ખેડૂતોને કુસુમ યોજના હેઠળ સોલર પમ્પ મળ્યા.

50 લાખ ઘરોને સૌર ઊર્જા સાથે જોડવામાં આવ્યા, જેમાં દરેક પરિવારને રૂ. 80,000ની નાણાં સહાય આપી.

200 મિલિયન ટન કાર્બન ઉત્સર્જન 'વન નેશન-વન ગ્રીડ' પહેલ હેઠળ ઘટ્યું.

- સરકારના પ્રયાસોથી બિન-અશ્મિભૂત ઈંધણની ક્ષમતા ચાર ગણી વધી.



સ્વચ્છ અને આધુનિક પરિવહન

- દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન સ્વચ્છ અને હરિત પરિવહનની દિશામાં એક મોટી ઉપલબ્ધિ દર્શાવે છે.
- ગયા વર્ષે ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ 25 લાખ સુધી પહોંચ્યું હતું, 2014 પહેલાં આ આંકડો 3,000 કરતાં પણ ઓછો હતો – જે 950 ગણો વધારો દર્શાવે છે.

20
से अधिक शहरों में मेट्रो नेटवर्क, 2014 में मात्र पांच शहरों तक थी पहुंच।





> ***છેલ્લાં 12 વર્ષોમાં ભારતે પર્યાવરણ સાથે જોડાયેલા દરેક ક્ષેત્રમાં અસાધારણ પ્રગતિ કરી છે. અમારું મુખ્ય ધ્યાન પુનઃપ્રાપ્ય ઊર્જા પર રહ્યું છે, અને આ બાબતે પર્યાવરણ સંરક્ષણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે.***
>
> ***– નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી***

જળ સંરક્ષણથી લઈને પ્રાકૃતિક ખેતી સુધી

- જળ સંરક્ષણઃ 'કેચ ધ રેઈન' અભિયાન હેઠળ 70,0000થી વધુ 'અમૃત સરોવરો'નું નિર્માણ અને 1.5 કરોડ વરસાદી પાણી સંગ્રહ માળખાઓની સ્થાપના.
- 'પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના' અને 'પર ડ્રોપ, મોર ક્રોપ' પહેલથી 2 કરોડથી વધુ ખેડૂતો લાભાન્વિત થયા છે.
- નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ હેઠળ 12.5 લાખ હેક્ટર વિસ્તારને આવરી લેતા 24,000 પ્રાકૃતિક ખેતી ક્લસ્ટરોની સ્થાપના.
- વાતાવરણ અને આબોહવાને અનુકૂળ હોય તેવી 3,000 પાકની જાતોનો વિકાસ.
- છેલ્લાં 12 વર્ષોમાં ગીચ વન્ય આવરણમાં 22%થી વધુનો વધારો.

પ્રધાનમંત્રીનું સંપૂર્ણ સમયપત્રક જોવા માટે QR કોડ સ્કેન કરો.




भारतीय फिल्मों में भविष्य की संभावनाएं

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 72મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સ એનાયત કર્યા

ભારતીય સિનેમા ક્ષેત્રે ભાવિ સંભાવનાઓ

22 સપ્ટેમ્બર, 2026ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ગુજરાતના એકતા નગર, કેવડિયા ખાતે આયોજિત એક ભવ્ય સમારોહમાં 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કર્યા હતા. રાષ્ટ્રપતિએ ભારતીય સિનેમામાં અસાધારણ પ્રદાન બદલ દાદાસાહેબ ફાળકે એવોર્ડ મેળવનાર પીઢ અભિનેતા અનંત નાગ સહિત અનેક વિજેતાઓને પુરસ્કૃત કર્યા હતા. રાષ્ટ્રપતિએ પુરસ્કાર વિજેતાઓને તેમની પ્રતિભા, સમર્પણ અને સખત મહેનત માટે અભિનંદન પાઠવતાં નોંધ્યું હતું કે ભારતીય ફિલ્મો ભારતના લોકોના સપનાઓ, પરંપરાઓ, સંઘર્ષો અને ભવિષ્યની સંભાવનાઓને મૂર્તિમંત કરે છે.



સાચો સિતારો પ્રકાશ લાવે છે, અંધકાર નહીં

લોકપ્રિય કલાકારોના પ્રભાવને રેખાંકિત કરતાં, ખાસ કરીને બાળકો અને યુવાનો પરની તેમની અસરને ધ્યાને રાખીને, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સફળ કલાકારોને અનુશાસિત જીવનશૈલીના ફાયદાઓને પ્રોત્સાહન આપવા અને સ્વાસ્થ્ય માટે હાનિકારક પદાર્થોની જાહેરાતો કે સમર્થન કરવાથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. સાચો સિતારો પ્રકાશ ફેલાવે છે, અંધકાર નહીં.

એકતા નગર ખાતે ફિલ્મ એવોર્ડ સમારોહ યોજાયો

72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો માટેઃ

34 ભાષાઓમાંથી 400 ફીચર ફિલ્મો માટે અને

24 ભાષાઓમાંથી 161 નોન-ફીચર ફિલ્મો માટે એન્ટ્રીઓ નોંધાઈ હતી.

- 22 ફીચર ફિલ્મ અને 23 નોન-ફીચર ફિલ્મ શ્રેણીઓમાં પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.
- ભારતીય સિનેમા સાંસ્કૃતિક અભિવ્યક્તિ અને સ્ટોરીટેલિંગ એક સશક્ત માધ્યમ તરીકે સતત વિસ્તરી રહ્યું છે.
- સરદાર વલ્લભભાઈ પટેલના વિઝન અને રાષ્ટ્રીય એકતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાથી પ્રેરિત થઈને દિલ્હીની બહાર-એકતા નગર ખાતે-રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન કરવું એ એક અત્યંત મહત્વપૂર્ણ પહેલ છે.



- મામ્મુટી (ભ્રમયુગમ માટે) અને કાર્તિક આર્યન (ચંદુ ચેમ્પિયન માટે) એ સંયુક્ત રીતે મુખ્ય ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ જીત્યો.



- યામી ગૌતમે 'આર્ટિકલ 370' ફિલ્મ માટે મુખ્ય ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ મેળવ્યો.
- 'આર્ટિકલ 370' ફિલ્મે શ્રેષ્ઠ ફીચર ફિલ્મનો પુરસ્કાર જીત્યો.
- સંજય મિશ્રાની 'ભક્ષક' ફિલ્મ માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતા તરીકે પસંદગી કરવામાં આવી.
- શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો એવોર્ડ સંયુક્ત રીતે 'મહારાજા' ફિલ્મ માટે સચના નમિદાસ અને 'મિથ્યા' ફિલ્મ માટે રૂપશ્રી વારાકાડીને એનાયત કરવામાં આવ્યો.
- 'કલ્કી 2898 એડી'ને સંપૂર્ણ મનોરંજન પૂરું પાડતી શ્રેષ્ઠ લોકપ્રિય ફિલ્મ તરીકે જાહેર કરવામાં આવી.

72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું સંપૂર્ણ સમયપત્રક જોવા માટે QR કોડ સ્કેન કરો.

રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન દેશના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોએ કરવામાં આવશે

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનથી પ્રેરિત થઈને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન હવે દેશના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોએ કરવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રીના વિચાર સાથે સુસંગત રહીને, આ પહેલનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય કાર્યક્રમોને માત્ર પરંપરાગત સ્થળો પૂરતા મર્યાદિત ન રાખતાં સમગ્ર દેશના વિવિધ સ્થળો સાથે જોડવાનો છે. તેમણે રાજ્યોને ભવિષ્યમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના આયોજન માટે તેમના શ્રેષ્ઠ પ્રવાસન સ્થળોની દરખાસ્ત રજૂ કરવા આમંત્રણ આપ્યું હતું. આ પહેલ એ સુનિશ્ચિત કરે છે કે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો માત્ર કોન્ફરન્સ હોલ સુધી સીમિત ન રહેતાં સામાન્ય જનતા સુધી પહોંચશે.

ગુજરાતે ભવ્ય અંદાજમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું સ્વાગત કર્યું

ગુજરાતમાં યોજાયેલા આ સમારોહ સાથે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોની સફરમાં એક નવા અધ્યાયની શરૂઆત થઈ. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે દિલ્હીની બહાર રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોનું આયોજન કરવાની નવી પરંપરા શરૂ કરવા બદલ માહિતી અને પ્રસારણ મંત્રાલયનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલના વારસા અને વિઝન સાથે જોડાયેલા સ્થળ એકતા નગર, કેવડિયા ખાતે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સમારોહનું આયોજન કરવું એ ગુજરાત માટે ગૌરવની બાબત છે.





કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા બારાપુલ્લા ફેઝ-૩ એલિવેટેડ કોરિડોરનું લોકાર્પણ

રાજધાનીની કનેક્ટિવિટીને નવો વેગ

2047 સુધીમાં ભારત એક વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, અને રાજધાની દિલ્હી વિકાસની આ યાત્રાને પ્રતિબિંબિત કરે છે. આ વિઝન સાથે, કેન્દ્ર સરકાર અહીં માળખાગત સુવિધાઓનો સતત વિસ્તાર કરી રહી છે. આ પહેલના ભાગરૂપે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 29 સપ્ટેમ્બરના રોજ બારાપુલ્લા ફેઝ-૩ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું હતું. આનાથી દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોના લોકોને સીમલેસ કનેક્ટિવિટી મળશે, તેમજ ઇંધણ અને સમયની પણ બચત થશે.

દિલ્હીની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ અધ્યાય રાષ્ટ્રીય

રાજધાનીની વિકાસ યાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ અધ્યાય ત્યારે જોડાયો જ્યારે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે રૂ. 1,941 કરોડથી વધુના મૂલ્યના વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા.

- લાંબા સમયથી પેન્ડિંગ રહેલો બારાપુલ્લા એલિવેટેડ રોડ ફેઝ-૩ હવે દિલ્હીવાસીઓને સમર્પિત કરવામાં આવ્યો છે.
- આ પ્રોજેક્ટથી મયૂર વિહાર ફેઝ-1થી એઈમ્સ સુધી સિગ્નલ-ફ્રીમુસાફરી શક્ય બનશે. ટ્રાફિકની ભીડ ઘટશે, સમયની બચત થશે અને લાખો લોકોની દૈનિક મુસાફરી સરળ બનશે.
- મુકરબા ચોક અંડરપાસની સાથોસાથ મોદી મિલ-સાવિત્રી સિનેમા ફ્લાયઓવર અને લોની અંડરપાસ પણ દિલ્હીની કનેક્ટિવિટીને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે.
- સમય બચાવવા, દૈનિક મુસાફરી સુગમ બનાવવા અને જીવનની ગુણવત્તા વધારવા માટે અત્યંત ઝડપી ગતિએ કામગીરી આગળ વધી રહી છે.



PMO India @PMOIndia

Free Trade Agreements हमारे युवाओं के लिए संभावनाओं के नए द्वार बना रहे हैं।

इस तरह के trade agreements से हमारे entrepreneurs के लिए नई partnerships के रास्ते खुलते हैं, नए markets के रास्ते खुलते हैं और हमारे युवाओं के लिए career में नई possibilities बनती हैं: PM @narendramodi



Rajnath Singh @rajnathsingh

तकनीक को आम नागरिक की ज़िंदगी का हिस्सा बनाकर जीवन आसान बनाना ही मोदी जी का विज़न है।

जनधन, UPI, आयुष्मान भारत और 5G नेटवर्क जैसी पहलों के माध्यम से प्रधानमंत्री @narendramodi जी ने भारत को 'विकसित भारत' के संकल्प की ओर तेज़ी से आगे बढ़ाया है। उनके इन प्रयासों ने जनविश्वास को और मज़बूत किया है।



Amit Shah @AmitShah

आने वाले दिनों में नशामुक्त भारत देश के 10 लाख स्कूलों, कॉलेजों और शिक्षण संस्थानों तक पहुंचकर युवाओं को जागरूक करेंगे।



Nitin Gadkari @nitin_gadkari

Under the visionary leadership of Hon'ble Prime Minister Shri @narendramodi Ji, Ayushman Bharat has emerged as a transformative force in India's healthcare journey, ensuring that quality healthcare is more accessible, affordable and people-centric.



Nirmala Sitharaman Office @nsitharamanoffc

In 2014, Hon'ble PM Shri @narendramodi opened the doors of banking to everyone through PM Jan Dhan accounts, without requiring a minimum balance.

In 2015, PM MUDRA Yojana enabled small entrepreneurs to access loans without collateral.

By repaying their loans on time, beneficiaries have been able to access higher amounts, strengthen their credit profiles and build greater credibility with banks.

Today, many are growing their businesses and accessing regular banking facilities.



Kiren Rijiju @KirenRijiju

Union Cabinet, under the leadership of Hon'ble PM Shri @narendramodi Ji, approves enhancement of the wage ceiling for mandatory #EPFO coverage from ₹15,000 to ₹25,000 per month.
The decision is expected to bring 51 lakh+ additional employees under mandatory EPFO coverage.

आयुष्मान भारत के तहत चिकित्सा खर्च में रिकार्ड बचत : मोदी

- योजना के आठ साल पूरे होने पर कहा, 60 करोड़ लाभार्थियों को मिल रहा फायदा
- प्रत्येक भारतीय को बेहतर स्वास्थ्य सेवा देने के लिए तुरू किया गया था कार्यक्रम



प्रधानमंत्री नरेंद्र मोदी • सहज सोटे

नई दिल्ली 22 : प्रधानमंत्री नरेन्द्र मोदी ने कहा है कि आयुष्मान भारत के तहत अब 60 करोड़ से अधिक लाभार्थियों को सालाना पांच लाख रुपये स्वास्थ्य कवरेज का लाभ मिल रहा है। इससे चिकित्सा खर्च में रिकार्ड बचत हुई है। फलस्वरूप गरीब तथा मध्यम वर्ग को लाभ मिला है।

बुधवार को योजना के आठ साल पूरे होने पर पीएम ने एक्स पर लिखा कि आयुष्मान भारत योजना इस लोप के साथ शुरू की गई थी कि प्रत्येक भारतीय को गुणवत्तापूर्ण व किफायती स्वास्थ्य सेवा उपलब्ध होनी चाहिए। आज 60 करोड़ से अधिक लाभार्थियों को इसका लाभ मिल रहा है, जिससे यह दुनिया की सबसे बड़ी स्वास्थ्य योजना बन गई है। आयुष्मान आरोग्य मंदिरों में अब तक 5.5 करोड़ से अधिक लोगों को मुफ्त दवा की गई है, जिससे जरूरी समय पर प्राथमिक स्वास्थ्य सेवा मजबूत हुई है।

48.54 करोड़ आयुष्मान कार्ड बने : स्वास्थ्य मंत्री जेपी नड्डा ने एक्स पर एक पोस्ट में कहा कि आयुष्मान भारत प्रधानमंत्री जन आरोग्य योजना के तहत अब तक 48.54 करोड़ आयुष्मान कार्ड बनाए जा चुके हैं। 13 करोड़ से अधिक दर्दनों ने इलाज का लाभ उठाया है जब देशभर में 39 हजार से अधिक सूचीबद्ध सरकारी एवं निजी अस्पतालों के माध्यम से लोगों को दी लाख करोड़ रुपये के अधिक के उपचार का लाभ मिला है। आयुष्मान भारत योजना 23 सितंबर, 2018 को शुरू की गई थी। 31 अगस्त तक 13.25 करोड़ लोगों के उपचार के लिए 2.03 लाख करोड़ रुपये की राशि उपलब्ध कराई जा चुकी है।

स्वस्थ नागरिक बिजन के साथ बढ़ रही योजना

मंत्रालय अनुसार निधि नड्डा ने कहा कि आयुष्मान भारत योजना समग्र नागरिक और समाज के दृष्टिकोण के साथ आगे बढ़ रही है। प्रधानमंत्री मोदी के नेतृत्व में शुरू की गई इस योजना ने देशभर में नागरिकों के लिए स्वास्थ्य सेवा की अधिक सुलभ बनाने की दिशा में एक नया अध्याय जोड़ा है।

प्रधानमंत्री ने विश्वप्रसन्नतीर्थ स्वामी से की भेंट

विश्वेशतीर्थ स्वामी की जन्मशताब्दी समारोह का लोगो जारी



पीएम मोदी का अभिनंदन करते पेजावर मठाधीश विश्वप्रसन्नतीर्थ स्वामी।

परिषद सहयोगी

नई दिल्ली। प्रधानमंत्री नरेंद्र मोदी ने बेंगलुरु की ऐतिहासिक यात्रा के दौरान पेजावर अधोक्षज मठ के विश्वप्रसन्नतीर्थ स्वामी से भेंट की। इस दौरान उन्होंने श्री विश्वेश विजय तीर्थ स्वामी की जन्मशताब्दी समारोह के लोगो का अनावरण किया।

प्रधानमंत्री ने कहा कि विश्वेशतीर्थ स्वामी का जीवन, विचार और सेवा से परिपूर्ण जीवन आज भी असंख्य लोगों को प्रेरित करता है।

उन्होंने जन्मशताब्दी के अवसर पर होने वाली विभिन्न गतिविधियों के लिए पेजावर मठ के विश्वप्रसन्नतीर्थ स्वामी को अग्रिम बधाई दी। पीएम मोदी ने ट्वीट कर कहा कि विश्वेशतीर्थ स्वामी की जन्मशताब्दी के उपलक्ष्य पर लोगो का अनावरण किया।

प्रधानमंत्री ने कहा कि विश्वेशतीर्थ स्वामी का जीवन, विचार और सेवा से परिपूर्ण जीवन आज भी असंख्य लोगों को प्रेरित करता है।

उन्होंने जन्मशताब्दी के अवसर पर होने वाली विभिन्न गतिविधियों के लिए पेजावर मठ के विश्वप्रसन्नतीर्थ स्वामी को अग्रिम बधाई दी। पीएम मोदी ने ट्वीट कर कहा कि विश्वेशतीर्थ स्वामी का जीवन, विचार और सेवा से परिपूर्ण जीवन आज भी असंख्य लोगों को प्रेरित करता है।

सेवा यात्रा को विकसित भारत-2047 के राष्ट्र निर्माण से जोड़ा

सेवा की भावना को जमीन तक पहुंचाने में युवाओं की अहम भूमिका : पीएम मोदी

परिषद सहयोगी

नई दिल्ली। प्रधानमंत्री नरेंद्र मोदी ने कहा कि सेवा का अर्थ केवल राज्य सरकार या सुशासन तक सीमित नहीं होता। यह समाज की हर जरूरतमंद व्यक्ति की मदद करने की भावना है। मोदी ने पुडुचेरी, तमिलनाडु और केरल की यात्रा के दौरान कई जनसभाओं को संबोधित किया।

मोदी ने पुडुचेरी की यात्रा के 'सेवा संकल्प अभियान' के तहत पहुंचकर 10 मार्गदर्शी रथ रवाना किए। उन्होंने कहा कि विकसित भारत के लक्ष्य को हासिल करने में युवाओं की महत्वपूर्ण भूमिका है। उन्होंने कहा कि जीवन का सुगम उद्देश्य सेवा ही है। उन्होंने कहा कि सेवा की भावना को जन्मोत्सव मनाने तक सीमित नहीं रखना चाहिए। राजनीति में भी, जनसेवा एक आदर्श के रूप में स्थापित होनी चाहिए।

'सीधे संवाद से मिली नई ऊर्जा'

मोदी पुडुचेरी यात्रा के दौरान नई ऊर्जा लेने वाला रहा। उन्होंने कहा कि मोदी ने 25 वर्ष पूरे होने के मौके पर 12 दिसंबर से राज्य भाजपा का 'सेवा संकल्प अभियान' शुरू किया है।

अभियान में युवाओं की भागीदारी जरूरी

प्रधानमंत्री ने पुडुचेरी की इस यात्रा को 'विकसित भारत-2047' के राष्ट्र निर्माण के यज्ञ संकल्प से जोड़ते हुए कहा कि सेवा की भावना को संकल्प के अनिवार्य साथ जोड़ना एक विकसित भारत के लिए युवाओं की भागीदारी जरूरी है। प्रधानमंत्री ने सेवा यात्रा को 'युवा शक्ति' और 'राष्ट्र निर्माण' के संकल्प के साथ जोड़ने का आह्वान किया।

10-10 टीमों की यात्रा

अभियान के तहत पंचायत से लेकर नगरपालिका और नगरपालिका से पंचायत के लोग 10-10 टीमों यात्रा कर रही हैं। इसमें कारीगर, सफाई कर्मचारी, मछुआरे, किसान, युवा शामिल हैं। यात्रा के दौरान युवाओं को पानी से जुड़ाव, खेती से जुड़ाव और विकसित भारत जैसी गतिविधियों में भागीदारी पर जोर दिया जा रहा है।

चिंतन शिविर में 68 मंत्रियों के साथ प्रधानमंत्री ने की चर्चा

विकसित भारत के लक्ष्य पर तेजी से हो रहा काम

मंथन

नई दिल्ली, विशेष संवाददाता। प्रधानमंत्री नरेंद्र मोदी की अध्यक्षता में 'मेगाशिविर' में आर्थिकपथ विकास की राह में तुरंत हुआ पेटिशनेर मार्गांकन देश को "विकसित भारत" की राह पर तेजी से पहुंचाने के संकल्प के साथ खत्म। बैठकका इस बात पर रहा कि अब वार्षिक बजट चीजन आसान कैसे करें और सरकारी योजनाओं का लाभ बिना किसी देरी के हर पात्र तक कैसे पहुंचे।

प्रधानमंत्री कार्यालय के जन परिषद मेंत्रालयों में दो दिवसीय चिंतन शिविर की शुरुआत बुधवार को 'रथ यात्रा निकास' विषय के सत्र से हुई। मुख्य ने कहा कि विकास के दौरान सशक्त संगठन का मेंद 'विकसित भारत' के लक्ष्यों को और अधिक प्रभावी बनाना रहा। इसमें वित्तीय और तकनीक सेक्टरों से जुड़े सहान, सामाजिक कार्यकर्ताओं और अर्थशास्त्र स्तर से जुड़े विभिन्न पहलुओं पर चर्चा की गई।

आधिकारी के अनुसार, चिंतन शिविर में कुल 68 केंद्रीय मंत्रियों ने हिस्सा लिया। मंत्रियों को चार मुख्य समूहों में विभाजित किया गया था और प्रत्येक समूह में 17 मंत्री शामिल थे। चर्चा को अधिक प्रभावी बनाने के लिए समूहों को अहमदाबाद, इंदौर, रायपुर और विशाखापत्तनम जैसे 'एक-राज्यों' में भी विभाजित किया गया। प्रत्येक समूह को एक वरिष्ठ केंद्रीय मंत्री का मार्गदर्शन मिला।



युवाओं से संवाद करते प्रधान मंत्री।

सेवा के मार्ग से कभी नहीं होंगे विचलित : प्रधानमंत्री

नई दिल्ली, एजेंसी। मोदी ने भाजपा के 'सेवा संकल्प यात्रा' में शामिल युवाओं के साथ संवाद किया। इस दौरान कहा कि सेवा ही भाजपा के संस्कारों का मूल भाव रही है और यही सेवा के मार्ग से कभी विचलित नहीं होगी। हमारे आलाम ने लोगों को याद करने कि कार्यकर्ता ये हमें किसी ही बड़ी नेता बनने न मिल जाए, लेकिन हमारा सुख यही सेवा का ही होगा। हम सभी में सेवा के मार्ग से विचलित नहीं होंगे भले ही हम दिलों ही ऐसे शिखर पर पहुंच जाए।

राष्ट्र निर्माण के संकल्प को दोहराया

युवाओं ने सवालों में कहा कि नक्सलवाद, युवाओं और शासन व्यवस्था अभी जरूर है, लेकिन इन राष्ट्र निर्माण और विकसित भारत के संकल्प को तोड़ नहीं सकते हैं। वर्ष 2047 तक विकसित भारत के निर्माण का सपना पूरा करने में युवा पीढ़ी की भूमिका अहम रहने वाली है।



असम के काजीरंगा नेशनल पार्क स्थित एक अभयारण्य में एकसींग गैंडा। • एएफपी

मोदी ने गैंडा संरक्षण के प्रयासों को सराहा

नई दिल्ली। प्रधानमंत्री नरेंद्र मोदी ने मंगलवार को देश में गैंडा संरक्षण के प्रयासों की सराहना की। साथ ही कहा कि इन संरक्षण प्रयासों से पर्यावरण के संतुलन और उसकी सुरक्षा की दिशा को समझने के लिए संबंधित राज्यों को दिशेष और तकनीकी सहायता के लिए 'ऐक्शन टकने' शुरू किया गया है। विश्व गैंडा दिवस पर मोदी ने कहा कि देश दुर्लभ एक सींग वाले गैंडे के संरक्षण पर गौरव व्यक्त करता है। सब ही संरक्षण से जुड़े लोगों को सराहा।



આઝાદ હિન્દ સરકારનો ૮૩મો સ્થાપના દિવસ

21 ઑક્ટોબર 2026

આઝાદ હિન્દ ફોજ

પ્રથમ સૈન્ય અભિયાનનું નેતૃત્વ કર્યું

નેતાજી સુભાષચંદ્ર બોઝ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના એવા મહાનાયક છે જે પ્રત્યેક હૃદયમાં દેશભક્તિનો જુવાળ જગાવે છે. યુવાનોને સંગઠિત કરીને તેમણે આઝાદ હિન્દ ફોજ દ્વારા પ્રથમ સૈન્ય અભિયાન શરૂ કર્યું હતું. તેમણે છેક 1943માં જ આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહમાં તિરંગો લહેરાવીને મુક્ત ભારતની ઘોષણા કરી દીધી હતી. આઝાદ હિન્દ ફોજ થકી નેતાજીએ ક્રાંતિકારીઓના દિલમાં એ દૃઢ વિશ્વાસ જગાડ્યો કે દેશવાસીઓ પોતાની સૈન્ય શક્તિ અને લશ્કરી અભિયાનો દ્વારા આઝાદી મેળવી શકે છે.



- નેતાજી સુભાષચંદ્ર બોઝે 21 ઑક્ટોબર, 1943ના રોજ આઝાદ હિન્દ સરકારની સ્થાપના કરી હતી. આ સરકારે પોતાની બેંક, ચલણ અને ટપાલ ટિકિટ પણ બહાર પાડી હતી.
- નેતાજી સુભાષચંદ્ર બોઝે રાણી ઓફ ઝાંસી રેજિમેન્ટની સ્થાપના કરીને સશસ્ત્ર દળોમાં મહિલાઓ માટે સમાન તકોનો પાયો નાખ્યો હતો.



“નેતાજીનો માત્ર એક જ ઉદ્દેશ્ય, એક જ સંકલ્પ હતો - ભારતની આઝાદી. ભારત માતાને ગુલામીની બેડીઓમાંથી મુક્ત કરાવવી. આ જ તેમની વિચારધારા હતી અને આ જ તેમનું કર્મક્ષેત્ર હતું. - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

આર.એન.આઈ., DELGUJ/2020/78812, 16-31 ઓક્ટોબર, 2026

આરએનઆઈ DELGUJ/2020/78812 (પ્રકાશન તિથિ- 22 સપ્ટેમ્બર 2026, કુલ પાના-64)

મુખ્ય સંપાદક
ધિરેન્દ્ર ઓઝા, મુખ્ય મહાનિદેશક
પ્રેસ ઇન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

પ્રકાશક
કંચન પ્રસાદ
મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યુરો

રૂમ નંબર-278, કેન્દ્રીય સંચાર બ્યુરો,
સૂચના ભવન, બીજો માળ, નવી
દિલ્હી- 110003 થી પ્રકાશિત